**સુવિચાર**
સૌથી મોટી સફળતા હંમેશા નવરાશની પળમાં આવેલા નાનકડા વિચારમાંથી જ જન્મે છે.
:: સૌજન્ય ::
**નિલકંઠ જવેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૩૦/૦૪/૨૦૨૫, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com
સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY
R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com
જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિ ૐ PENDAWALA
નેચરલ શિખંડ/મઠો
પિસ્તા પ્લેઝર શિખંડ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૧ વૈશાખ સુદ-૩ વર્ષ : ૧૬ અંક : ૧૧૮

## પૂજાવિધિ, અન્નકૂટ, છપ્પનભોગ, મહાઆરતી સહિતનાં કાર્યક્રમો દ્વારા

# અમરેલી ખાતે ભગવાન પરશુરામજીનાં પ્રાગટયોત્સવની આસ્થાભેર ઉજવણી

- પહલગામમાં શહીદ થયેલ પર્યટકોનાં આત્માની શાંતિ અર્થે પ્રાર્થના કરવામાં આવી
- આતંકવાદી ઘટનાનાં પગલે શહેરમાં શોભાયાત્રાનું આયોજન રદ કરવામાં આવ્યું
- બ્રહ્મસમાજનાં વિવિધ સંગઠનો દ્વારા અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનું થયું આયોજન
- પરશુરામધામ ખાતે મોટી સંખ્યામાં ભાવિકજનો ધાર્મિક કાર્યક્રમમાં જોડાયા



અમરેલી, તા.૨૯

અમરેલીશહેરસહિતસમગ્ર જિલ્લામાં આજે ભગવાન શ્રી પરશુરામજીનાં પ્રાગટય દિવસની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી હતી.

અમરેલી ખાતે સમસ્ત બ્રહ્મસમાજ ધ્વારા પૂજાવિધિ, અન્નકૂટ–છપ્પનભોગધરવામાંઆવ્યા તો મહાઆરતીનું પણ આયોજન કરવામાંઆવેલ.

કાશ્મીરનાં પહલગામમાં થયેલ આતંકી હુમલામાં ભોગ બનનાર પર્યટકોનાંઆત્માનીશાંતિઅર્થે પ્રાર્થના કરીને મૃતકોને શ્રધ્ધાંજલિ પાઠવવામાં આવી હતી.

શહેરનાંરેલ્વેસ્ટેશનનજીક આવેલ પરશુરામધામ ખાતે સવારથી મોડી રાત્રિ સુધી સમસ્ત બ્રહ્મસમાજ ધ્વારા વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ જેમાં મોટી સંખ્યામાં ભાવિકોએ જોડાઈને ધન્યતા અનુભવીહતી.

આતંકવાદી ઘટનાને લઈને શોભાયાત્રાનું આયોજન રદ કરવામાં આવેલ હતું. અમરેલી ઉપરાંત સાવરકુંડલા,બગસરા,બાબરાસહિતનાં સ્થળોએ પણસમસ્તબ્રહ્મસમાજધ્વારા પરશુરામ પ્રાગટય દિવસની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી હતી.

### સરકારી કાર અને રિક્ષા અથડાયા

## અમરેલીનાં માર્ગ ઉપર છકડો રિક્ષા અને ટાટા સુમો વચ્ચે અકસ્માત

**એક વ્યકિતને હાનિ થતાં સારવારમાં ખસેડાયા**

અમરેલી, તા.૨૯

**માણસ જોઇએ છે**
પેટ્રોલ પંપ માટે ડિઝલ, પેટ્રોલ ભરી શકે તેવા ઉત્સાહી માણસની જરૂર છે
**આર.ડી. પેટ્રોલ પંપ**
એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી.
મો. ૯૭૨૬૧ ૨૭૭૭૭



બગસરા ગામે રહેતા હસુભાઈ દેસાઈ ગત તા. ૨૨ના રોજ જીરાગામનાજગાભાઈરબારીનીભાર રીક્ષાનં.જીજે–૧૪–ડબલ્યુ–૬૪૫૫

અનુસંધાન પાના ૬ ઉપર

## જયારે ઘર, મકાન કે દુકાન ભાડે આપવાની આવે ત્યારે ભાડુઆતની નોંધણી કરાવવી છે ફરજીયાત

અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લામાં મકાન માલીકદ્વારાપોતાનુમકાનકેદુકાનભાડે આપતાપહેલાનજીકનાપોલીસસ્ટેશન ખાતે નોંધણી ફરજીયાત પણે કરાવવા સૂચના છે. જો આમ કરવામાં નહી આવે તો મકાન માલિક તથા ભાડૂત વિરૂધ્ધ કાયદેસરનીકાર્યવાહીથઈશકેછે. ત્યારે અમરેલીટાઉનવિસ્તારખાતેપરપ્રાંતિય ઈસમોના સર્ચ ઓપરેશન દરમ્યાન ભાડુઆત ઈસમોની નોંધણી ન કરેલ ૫ મકાન માલીક વિરૂધ્ધ અમરેલી એસ.ઓ.જી. ટીમ દ્વારા કાયદેસરની કાર્યવાહીહાથધરેલછે.

ગુજરાત રાજયમાં તમામ શહેરતથાજિલ્લાઓમાંગેરકાયદેસરરીતે વસવાટકરતાબાંગ્લાદેશીઘુસણખોરોને

અનુસંધાન પાના ૬ ઉપર

### સામાન્ય બાબતને લઈને ફરિયાદ નોંધાઈ

## રાજુલાનાં રાજપરડા ગામે તેજ ગતિએ બાઈક ચલાવવા બાબતે બઘડાટી

**સ્થાનિક પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા. ૨૯

રાજુલાતાલુકાનારાજપરડા ગામે રહેતા સુરેશભાઈ પોપટભાઈ સોલંકીનામના૩૫વર્ષિયયુવકનાબાળ કોતા.૨૭નારોજસાંજે૬વાગ્યેશેરીમા રમતા હોય ત્યારે તે જ ગામે રહેતા આરોપી કાળુભાઈ રાજુભાઈ ચાવડા પોતાની મોટર સાયકલ ફુલ સ્પિડમાં ચલાવતા હોય, જેથી યુવકેએ તેઓને ઠપકો આપી ત્યારથી નીકળી ઘરે જતા હોય, ત્યારે આરોપી રાજુભાઈ બાઘાભાઈ ચાવડા, દિનેશભાઈ બાઘાભાઈ ચાવડા, ગદાભાઈ બાઘાભાઈ ચાવડા, શાંતુબેન બાઘાભાઈ ચાવડા આવી યુવકને કુહાડાનોએકઘામાથામાતથાબીજોઘા

અનુસંધાન પાના ૬ ઉપર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
85,900/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૯/૦૪/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬









# બગસરા : એપીએમસી ખાતે એગ્રીકલ્ચર વાહનોમાં વિનામૂલ્યે રેડિયમ રિફ્લેક્ટર લગાવવામાં આવ્યા







અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા એગ્રીકલ્ચર વાહનોના માર્ગ અકસ્માત ઘટાડવા ખાસ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. તેના ભાગરૂપે બગસરા માર્કેટિંગ યાર્ડ ખાતે ટ્રેક્ટર, સનેડા સહિતના એગ્રીકલ્ચર વાહનોમાં રેડિયમ ખાસ વિનામૂલ્યે લગાવવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી છે. હાલમાં, અમરેલી જિલ્લાના તમામ તાલુકાના માર્કેટિંગ યાર્ડમાં રેડિયમ રિફ્લેકટર લગાવવાના કેમ્પ કરવામાં આવી રહ્યા છે. અમરેલી, સાવરકુંડલા, બાબરા, બગસરા એપીએમસી ખાતે રેડિયમ રિફ્લેકટર લગાવવાના કેમ્પ થયા છે. બાકી અન્ય તાલુકામાં પણ આ માસમાં રેડિયમ રિફ્લેકટર લગાવવાના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ માટે માર્કેટિંગ યાર્ડ સાથે જરૂરી સંકલન પણ કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, ગામડાઓના રોડ રસ્તા પર સ્ટ્રીટ લાઈટ ન હોય રાત્રે પસાર થતાં ટ્રેક્ટર, ટ્રોલી, છકડાં જેવા વાહનોમાં પણ સાઈડ લાઈટ પાર્કિંગ લાઈટ ન હોય ત્યારે રેડિયમ રિફ્લેકટર વાહનોમાં લાઈટની માફક કાર્ય કરે છે અને તેથી અકસ્માત પણ ઘટાડી શકાય છે. આમ, બધા જ એગ્રીકલ્ચર વાહનોમાં રેડિયમ રીફ્લેક્ટર લગાવેલ હોય તો માર્ગ અકસ્માતમાં ઘટાડો થઈ શકે. તે માટે રેડિયમ રિફ્લેકટર લગાવવાની કામગીરી કરવામાં આવી છે, તેમ અમરેલી જિલ્લા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

### સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા

## વડિયા ખાતે ભગવાન શ્રી પરશુરામ દાદાનાં પ્રાગટય દિવસે મહાપૂજન કાર્યક્રમ યોજાયો

### કાશ્મીર હુમલામાં મોતને ભેટેલ આત્માને શ્રધ્ધાંજલિ પાઠવાઈ



તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા

વડિયા, તા. ૨૯

સમસ્ત બ્રહ્મ સમાજ વડીયા દ્વારા ભગવાન પરશુરામ દાદાનાં પ્રાગટય દિવસ નિમિતે સન્યાસ આશ્રમ વડીયા ખાતે મહા પૂજન આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તકે કાશ્મીરનાં પહેલ ગામમાં ઈસ્લામિક આતંકવાદીઓ દ્વારા હિંદુઓ પર થયેલા હુમલાને સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા વખોડીને વિરોધ વ્યકત કરી. આ હુમલા મૃત્યુ પામેલા સદગતોનાં આત્માનાં કલ્યાણ તેમજ શાંતિ માટે મહા મૃત્યુંજય મંત્રનાં જાપ તેમજ પ્રાર્થના કરવામાં આવી હતી. અને સન્યાસ આશ્રમ વડીયાનાં મહંત ભારતી બાપુ દ્વારા રામ ચરિત માનસનાં છંદનું ઉચ્ચારણ કરવામાં આવ્યું હતું. આ તકે વડીયા સમસ્ત બ્રહ્મસમાજ પ્રમુખ અશ્વિનભાઈ મહેતા, કિશોરભાઈ મહેતા, રમેશભાઈ શુકલ, રાહુલભાઈ જોશી, કલ્પેશભાઈ પંડયા, ચંદ્રકાંતભાઈ જોશી, ભાવેશભાઈ જોશી, અરૂણભાઈ મહેતા, ભાવિકભાઈ પંડયા, રાજુભાઈ વ્યાસ, રજનીભાઈ તેરૈયા, હર્શભાઈ તેરૈયા, કિરીટભાઈ ભટ્ટ, દિલીપભાઈ મહેતા, હસુભાઈ ત્રિવેદી, હરિઓમભાઈ ત્રિવેદી, જીતુભાઈ પાઠક, મહિપતભાઈ દેકીવાડિયા, ધર્મેન્દ્રભાઈ વ્યાસ, કેશિકભાઈ ભટ્ટ, હિરેનભાઈ ભટ્ટ, શિવમભાઈ મહેતા, ક્રિશભાઈ રાજયગુરૂ સહિત બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહયા હતા. અને શાસ્ત્રી હરેશભાઈ ભટ્ટ દ્વારા પરશુરામદાદાનું મંત્રોચ્ચાર દ્વારા પૂજન અર્ચન તથા આરતી કરવામાં આવેલ હતી. આ તકે વડીયા સમસ્ત બ્રહ્મસમાજનાં પ્રમુખ અશ્વિનભાઈ મહેતાએ સમાજને એક થઈ સંગઠન મજબૂત કરવાની હાકલ કરી હતી.

ગાંધીનગર શુકન હાઈટ સોસાયટી રાંદેસણ ખાતે કાશ્મીરના પહેલગામ આંતકવાદી હુમલાના મૃતકોના આત્માની શાંતિ માટે શ્રધ્ધાંજલિનો કાર્યક્રમ યોજાયો.

## નવી કાત્રોડી પ્રાથમિક શાળા ખાતે વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજાયો



અમરેલી, તા. ૨૯

સાવરકુંડલા વિધાનસભા મત ક્ષેત્રમાં આવતું નવી કાત્રોડી ખાતે પૂજય મધુરામ બાપુ (ધોમગીરી)ની ઉપસ્થિતમાં ધોરણ ૮ના વિદ્યાર્થીભાઈ બહેનોનો વિદાય સમારંભ યોજાયો હતો.

આ તકે શાળાના આચાર્ય પરેશભાઈ જાનીએ ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરેલ ત્યારબાદ પૂજય મધુરમ બાપુનાં વરદ હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવેલ ત્યારબાદ શાળાની વિદ્યાર્થીનીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરેલ. ત્યારબાદ શાળા પરિવારએ ઉપસ્થિત મધુરમ બાપુ સહિતના મહાનુભાવોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ.

આ તકે ધોરણ આઠમાં વિદાય પામતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા આચાર્ય પરેશભાઈ જાની અને સ્ટાફ પરિવારએ જહેમત ઉઠાવી હતી. તેમ મનોજ જોશીની અખબારી યાદીમાં જણાવેલ છે.

### સ્વ. નવીનચંદ્ર રવાણીની પૂણ્યતિથિએ

## સાવરકુંડલાના આશ્રમ શાળાનાં બાળકોને મિષ્ટ ભોજન કરાવાયું

### રવાણી પરિવાર દ્વારા સેવાકાર્ય




સાવરકુંડલા, તા. ૨૯

સ્વર્ગસ્થ શ્રી નવીનચંદ્ર રવાણીની ચતુર્થ પૂણ્યતિથિ નિમિત્તે રવાણી પરિવાર દ્વારા સાવરકુંડલાની અનુદાનિત પ્રાથમિક આશ્રમ શાળાના ભૂલકાંઓને મિષ્ટ ભોજન કરાવવામાં આવેલ, નૂતન કેળવણી મંડળનાં મેનેજીંગ ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચા તથા તેમનાં ધર્મપત્ની રેખાબેન નાગ્રેચા તેમજ સ્વ.લલ્લુભાઈ શેઠનાં સુપુત્ર ડોકટર દિપકભાઈ શેઠ અને તેમના ધર્મપત્ની પુષ્પાબેન શેઠ સર્વ લોકોએ પહેલા બાળકો પાસેથી બાળગીતો, બાળ વાર્તા સાંભળી અને બાળકોને કેરીના રસ પુરી સાથે શાકભાજી, ખમણ, દાળભાત છાશ પીરસી પ્રેમથી ભોજન કરાવ્યાં. સાવરકુંડલાના વતનપ્રેમીઓ પોતાના સ્વજનોની યાદમાં અવાર – નવાર આશ્રમશાળાના બાળકોને પ્રેમથી ભોજન કરાવી રહ્યાં હોવાથી ટ્રસ્ટીઓ દ્વારા આવા સખાવતીઓને ધન્યવાદ પાઠવવામાં આવેલ.


શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)

સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી. -Ad 019

સંકુલ ધો. ૧૧-૧૨ કોમર્સ – ગર્લ્સ સ્કૂલ – બપોર

સંકુલ ધો. ૧૧-૧૨ કોમર્સ – મિશ્ર સ્કૂલ – સવાર

સંકુલ ધો. ૧૧-૧૨ કોમર્સ – ઈ.મી. સ્કૂલ – સવાર

★ ગુજરાતી મિડીયમ કોમર્સ – ઈંગ્લીશ મિડીયમ કોમર્સ – GM ટુ EM કોમર્સ

★ ધો.–૧૦ ગુજરાતી મિડીયમને ધો.–૧૧ કોમર્સ ઈંગ્લીશ મિડીયમમાં પ્રવેશ મળશે.

★ ધો. ૧૦ A1-A2 ને ધો. ૧૧–૧૨ ફી રાહત – ધો. ૧૨ A1-A2 ને ધો. ૧૧–૧૨ ફી શરતી પરત


### રાષ્ટ્રીય કક્ષાની ટીમની ચકાસણી બાદ

## અમરેલી : કેરીયાચાડનું આરોગ્ય મંદિર રાષ્ટ્રીયકક્ષાનાં માપદંડવાળુ બન્યું

### જિલ્લા આરોગ્ય ટીમની પ્રશંસનીય કામગીરી



અમરેલી, તા. ૨૯

અમરેલી કેરીયાચાડ ગામના આયુષ્યમાન આરોગ્ય મંદિરની નેશનલ કવોલીટી એનસોરન્સ સ્ટાન્ડર્ડ (NQAS) મુજબ ૯૭.૪૦% ટકા સાથે પસંદગી કરવામાં આવી હતી. રાષ્ટ્રીય કક્ષાની ટીમ દ્વારા તા. ૨૭/૩/૨૦૨૫નાં રોજ રૂબરૂ મુલાકાત લીધી હતી. તેમાં કેરીયાચાડ આયુષ્યમાન આરોગ્ય મંદિર દ્વારા આપવામાં આવતી આરોગ્ય વિષયક સેવા અંગે નિરીક્ષણ કર્યુ હતું. અહીં સ્થાનિક સ્ટાફના ઈન્ટરવ્યુ, રેકોર્ડ રજીસ્ટર, ઓબ્ઝરવેશન વિગેરેની તપાસ કરી હતી. તેમજ કેન્દ્રકક્ષાએ NHSRC સંસ્થા ખાતે અહેવાલ રજુ કર્યો હતો. આ સિદ્ધી પ્રાપ્ત કરવા માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર.એમ. જોષી, તાલુકા આરોગ્ય અધિકારી & QMO ડો. આર.કે. જાટ, અમરેલી જિલ્લા NQAS ટીમના સભ્ય ડો. ધડુક અને ડો. દેવેનવ્યાસ, ડો. મનીષ જીયાણી, ડો. સોનલબેન રાબડીયા, વાંકિયા મેડિકલ ઓફિસર ડો. કિરણબેન શેલડીયાના માર્ગદર્શન હેઠળ કેરીયાચાડ આયુષ્યમાન આરોગ્યમંદિરના સ્ટાફ ભાવીકાબેન વિરડીયા, સાવનભાઈ કકાણી, ભાવનાબેન હેલૈયા, આશાબહેન–વસંતબેન મોલાડીયા સહિતના વાંકિયા PHCના તમામ આરોગ્ય કર્મચારી પુરૂષ અને સ્ત્રી, અમરેલી તાલુકાના NQAS ટીમના સી.એચ.ઓ સાથે અન્ય તાલુકાન NQAS ટીમ પણ સી.એચ.ઓ RBSK ટીમ DTC ટીમ દ્વારા નેશનલ કક્ષાનું સર્ટિફિકેટ માટે કામગીરીની તૈયારી માટે ખંતથી જહેમત ઉઠાવી હતી. આયુષ્માન આરોગ્ય મંદિર–કેરીયાચાડમાં વધુ સુવિધા દર્દી અને લાભાથી માટે વધુ સુવિધા ઉભી કરવા USAમાં રહેતા ગામના વતની અને ગામના દાતા તેમજ ગામના આગેવાનનો સહકાર પણ મળી રહ્યો તેથી આ તબક્કે અમરેલી જિલ્લા આરોગ્ય શાખા તેમજ પી.એચ.સી. વાંકિયા તેમનો ખુબ ખુબ આભાર વ્યકત કરે છે. તા. ૨૫/૪/૨૦૨૫ના રોજ આયુષ્માન આરોગ્ય મંદિર કેરીયાચાડને રાષ્ટ્રીયકક્ષાના માપદંડ આપતી સંસ્થા NHSRC ધ્વારા આયુષ્માન આરોગ્ય મંદિર કેરીયાચાડને નેશનલ કક્ષાનું સર્ટિફિકેટ અપાયું જે વાંકિયા પીએચસી સુપરવાઈઝર જી.ડી. ભગતની યાદીમાં જણાવેલ છે.


## ગાંધીનગર : રાંદેસણ વિસ્તારમાં મૃતક પર્યટકોને શ્રધ્ધાંજલિ પાઠવાઈ




અમરેલી, તા. ૨૯

ગાંધીનગર શુકન હાઈટ સોસાયટી રાંદેસણ ખાતે કાશ્મીરના પહેલગામ આંતકવાદી હુમલાના મૃતકોના આત્માની શાંતિ માટે શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ યોજાયો. ગાંધીનગર શુકન હાઈટ સોસાયટી રાંદેસણ ખાતે પહલગામમાં માર્યા ગયેલા મૃતકોના આત્માની શાંતિ આપવા શ્રદ્ધાંજલિ અને આંતકવાદને વખોડવા માટે કાર્યક્રમ યોજાઈ ગયો જેમાં પૂર્વ ચેરમેન મયુરસિંહ વાઘેલા હાલના ચેરમેન રાજેશકુમાર પરમાર વાઈસ ચેરમેન રઘુરસિંહ ઝાલા પૂર્વ ખજાનચી મનીષભાઈ ઠક્કર સેક્રેટરી ગજેન્દ્રસિંહ બારડ ખજાનચી જગદીશભાઈ પટેલ, પ્રદેશ પ્રવક્તા શૈલેષભાઈ પરમાર, હરદેવસિંહ રાઠોડ સંચાલક મંડળના સભ્ય પ્રવીણભાઈ દેસાઈ, બાલુભાઈ ડોડીયા વરિષ્ઠ સભ્ય હર્ષ વર્ધનભાઈ મોદી, અનિરૂદ્ધસિંહ ઝાલા, મહેન્દ્રસિંહ ચાવડા, ઉષાબેન, કૃપાબેન વડાલીયા, સાવિત્રીબા ચાવડા, ભાવનાબા વાઘેલા, ચંદ્રિકાબેન જોશી, ભારતીબેન તેમજ નાના બાળકો ઉપસ્થિત રહી ભારત માતાના નારા સાથે અલગ – અલગ પ્રકારના સ્લોગનના પોસ્ટર દ્વારા આંતકીઓના અમાનવીય કૃત્યને વખોડયું હતું.

# અમરેલી શહેર કડવા પાટીદાર સમાજ દ્વારા સિદસર મુકામે ધ્વજારોહણ વિધિ યોજાઈ







જગતજનની મા ઉમિયાની અસીમ કૃપાથી અમરેલી શહેર ઉમિયા પરિવાર– અમરેલીના ઉપક્રમે તથા સાંગાડેરી કડવા પટેલ સમાજના ઉપક્રમે સહપરિવાર સિદસર મુકામે મા ઉમિયા માતાજીના મંદિરે તા. ૨૯/૪/૨૦૨૫ને મંગળવારે મહાસન્માન અને ધાર્મિક ભાવનાથી મંદિરના ધ્વજ સ્તંભ ઉપર દિવ્ય ધ્વજારોહણ વિધિનું આયોજન કરવામાં આવેલ હતું. ધ્વજારોહણએ મંદિર અને તેના ભક્તો માટે રક્ષણાત્મક કવચ તરીકે કાર્ય કરે છે. ભક્તો માટે દિવાદાંડી સમાન અને નકારાત્મક શક્તિથી રક્ષણ આપનાર હિન્દુ ધર્મમાં એક મહત્વપૂર્ણ ધાર્મિક પ્રથા સમાન ધ્વજારોહણ સાથે માઁ ઉમિયા પ્રત્યે આસ્થા, શ્રદ્ધા અને ભક્તિભાવથી જોડાઈ સિદસર મુકામે ઉમિયા માતાજીના મંદિરના શિખર પર ધ્વજારોહણના અલેકિક દિવ્ય મનોરથમાં સહભાગી થઈ મા ઉમિયા પ્રત્યે ભક્તિ વ્યક્ત કરવાના માર્ગ તરફ જોડાયેલા હતા. મંદિરના પ્રાંગણમાં ભાવિકો અને શ્રદ્ધાળુઓની વિશાળ સંખ્યા સાથે ધાર્મિક ઉત્સાહ જોવા મળેલ હતો. આ પવિત્ર અવસરે ભક્તો માટે ભજન કીર્તન, આરતી અને પ્રસાદ વિતરણ વગેરે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. કડવા પટેલ સમાજની વિવિધ સામાજીક પ્રવૃત્તિઓમાં સતત માર્ગદર્શન અને સહયોગ આપી સામાજીક ઉત્તરદાયિત્વ વ્યક્ત કરતા મંદિરના ટ્રસ્ટી જયવંતભાઈ ડાયાભાઈ ફીણાવા અને સંગઠન સમિતિ સૌરાષ્ટ્ર ઝોનના ઉપપ્રમુખ વજુભાઈ ગોલ દ્વારા માર્ગદર્શન અને આશીર્વાદ આપવામાં આવેલ હતા. તેઓએ જણાવેલ કે સમાજમાં એકતા, જાગૃતિ અને ચેતના સાથે સમાજને સંગઠન શક્તિને ઉજાગર કરવાની અપીલ કરી હતી. આ ધ્વજારોહણ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમરેલી શહેર ઉમિયા પરિવાર સંગઠન સમિતિના પ્રમુખ રમેશભાઈ ગોલ, પ્રા. એમ. એમ. પટેલ, રાજેશભાઈ સરખેદી, રોનકભાઈ ભલોડિયા, જીતેનભાઈ ગોલ, કાળુભાઈ આદ્રોજા, હર્ષદભાઈ વિરપરા, પ્રા. મહેશભાઈ એમ. પટેલ, રમેશભાઈ દસલાણીયા, ભાવેશભાઈ કડેવાળ, ચંદુભાઈ સુરાણી, ગુનાભાઈ કમાણી, શાંતિભાઈ સોળીયા, નવનીતભાઈ આંબલીયા, પરેશભાઈ વડાળીયા, રાકેશભાઈ ગોલ, અમરશીભાઈ ગોલ, મનસુખભાઈ પડસાલા, તુલસીભાઈ ગોલ, જય ગોલ, રમેશભાઈ ફળદુ વગેરેએ જહેમત ઉઠાવેલ હતી.

## હલ્કી ગુણવત્તાનો માવો અને મલાઈનો ઉપયોગ તો થતો નથીને

# અમરેલીમાં "ગોલા"ની ફૂડ વિભાગે ચકાસણી કરવી જરૂરી

**કાળઝાળ ગરમી વચ્ચે શહેરીજનો ગોલા, આઈસ્ક્રીમ, શેરડીનો રસ આરોગતાં હોય ફૂડ વિભાગ નિંદ્રાધીન ન રહે**

**કોઈ ઘટના બને તે પછી નમૂના લેવા અને ચકાસણી કરવાને બદલે અગાઉથી સાવચેત રહેવું જરૂરી**

**રાજકોટનાં સુપ્રસિધ્ધ ગોલાની દુકાનોમાંથી તાજેતરમાં અખાદ્ય પદાર્થ ઝડપાઈ ચુકયો છે**

**તગડો પગાર વસુલતા ફૂડ વિભાગનાં કર્મચારીઓ સતત વોચ રાખે તેવી માંગ**

અમરેલી, તા. ૨૯

અમરેલી શહેરમાં અંદાજિત ૫૦ જેટલા સ્થળોએ ગોલા, શેરડીનો રસ, આઈસ્ક્રીમ અને લચ્છીનું વેચાણ થતું હોય જેમાં શહેરીજનો પચાવી ન શકે તેવા મલાઈ, માવો કે કેમિકલ યુકત કલરનો ઉપયોગ તો થતો નથીને તેની ચકાસણી ફૂડ વિભાગે કરવાની જરૂર છે.

અમરેલીમાં છેલ્લા બે મહિનાથી તાપમાનનો પારો ૪૦ થી ૪૪ ડીગ્રી વચ્ચે જોવા મળતાં કાળઝાળ ગરમી વચ્ચે મોડી સાંજથી લઈને મોડી રાત્રિ સુધી શહેરીજનો આઈસ્ક્રીમ, શેરીડીનો રસ અને ગોલા ઠંડક મેળવવા આરોગતા હોય છે.

તાજેતરમાં રાજકોટનાં સુપ્રસિધ્ધ ગોલાધારકને ત્યાંથી અખાદ્ય પદાર્થ ઝડપાયો હોય તગડો પગાર વસુલતા ફૂડ વિભાગનાં કર્મચારીઓએ ગોલા, શેરડી કે આઈસ્ક્રીમનું વેચાણ કરનારને ત્યાંથી નમૂના લેવાનું શરૂ રાખવું જોઈએ.

જો અખાદ્ય પદાર્થ યુકત ગોલા, શેરડીનો રસ કે આઈસ્ક્રીમ આરોગવાથી શહેરીજનોની તબિયત લથડે અને બાદમાં ચકાસણી કરવી તેનાં કરતાં અગાઉથી જ પાણી પહેલા પાળ બાંધવી જોઈએ તેવી માંગ ઉભી થઈ રહી છે.

## લીલીયા મોટા ખાતે પહલગામના હુમલામાં શહીદ થયેલ પર્યટકોને શ્રધ્ધાંજલિ પાઠવાઈ





લીલીયા મોટા, તા. ૨૯

લીલીયામોટા વડવાળા ચોક ખાતે વી.એચ.પી. તેમજ બજરંગ દળ દ્વારા પહેલગામમાં શહીદ થયેલ શહીદો માટે શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં કાશ્મીરના પહેલગામમાં આંતકવાદી હુમલામાં ૨૬ પર્યાટકો શહીદ થયા હતા જે બનાવને તમામ સંગઠનો દ્વારા વખોડી કાઢવામાં આવ્યો હતો આ બનાવને લઈને મોટા લીલીયા ખાતે વિ હિન્દુ પરિષદ તેમજ બજરંગ દળ દ્વારા વડવાળા ચોક ખાતે શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અને શહીદ થયેલ ૨૬ પર્યટકોને જાર(ચણ) દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવેલ આ તકે કાશ્મીરના પહેલગામ વિસ્તારમાં ધર્મના આધાર પર નિર્દોષ નાગરિકો પર કરવામાં આવેલા કાર્યરતા પૂર્વકના આતંકી હુમલામાં અનેક નિર્દોષ નાગરિકો શહીદ થયા હતા. આ દુઃખદ ઘટના સામે કડક વિરોધ વ્યકત કરવામાં આવ્યો શહીદોને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે લીલીયા મોટા ખાતે વિ હિન્દુ પરિષદ, બજરંગ દળ, સહિતના ધાર્મિક સંગઠનો દ્વારા વડવાળા ચોક લાઠી રોડ ખાતે શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જે કાર્યક્રમમાં જિલ્લા વિ હિન્દુ પરિષદના પ્રમુખ ઈતેશભાઈ મહેતા, યુવરાજસિંહ પલવાર, જિલ્લા વિ.હિ.પ સત્સંગ પ્રમુખ કમલેશભાઈ અગ્રાવત, તાલુકા વી.એચ.પી. પ્રમુખ નિલેશ શેખલીયા, ઉપપ્રમુખ કિરીટભાઈ રવાણી, બજરંગ દળના પ્રમુખ મિત સોળીયા, તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ ભનુભાઈ ડાભી, બાબુભાઈ ધામત, એડવોકેટ સવજીભાઈ ભડકોલીયા, જીતુભાઈ પાઠક કેપ્ટન ધામત, ઘનશ્યામ મેઘાણી, ધારૈયા સહિત વિશાળ સંખ્યામાં લીલીયાની જનતા આ તકે ઉપસ્થિત રહેલ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કમલેશ બાપુ અગ્રાવત દ્વારા કરવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## અમરેલી જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ દિનેશ પોપટનો જન્મ દિવસ



અમરેલી, તા. ૨૯

અમરેલી ભારતીય જનતા પાર્ટીના કર્મઠ અને પાયાના પથ્થર અને અમરેલી જિલ્લા ભાજપ પરિવારમાં જેઓને બાપાનુ બીરૂદ મળેલ છે તેવા દિનેશભાઈ પોપટનો જન્મ દિવસ છે.

તા. ૨૯/૪/૧૯૫૩માં અમરેલીમાં જન્મેલા રાષ્ટ્રીય સ્વયંમ સેવકની રાષ્ટ્રીય ભાવનાને વરેલા તેમજ જનસંઘથી માંડી વર્તમાન ભાજપ સુધી સક્રીય રીતે પક્ષની વફાદારી પૂર્વક સેવા યજ્ઞી આજે પણ ૭૧ વર્ષની વયે પણ યુવાનો જેવી સ્ફુર્તીથી કામગીરી કરતા આજે પણ કાર્યકરોમાં એક મિત્ર, વડીલ અને માર્ગદર્શકની ભુમીકામાં પક્ષમાં જોવા મળે છે.

અમરેલીના ભાજપના પ્રારંભથી પક્ષમાં નાની મોટી અનેક જવાબદારીઓની ભાવી શહેર પ્રમુખથી લઈને જિલ્લા પ્રમુખ તથા ત્રણ ટર્મ સુધી સતત સાતત્યપુર્ણ મહામંત્રી તરીકેની જવાબદારી વહન કરી અમરેલી જિલ્લામાં દિપકના પ્રકાશથી પથરાયેલ પુર્ણ ખીલેલા કમળને કાર્યવિંત કરનારાઓમાના એક એવા દિનેશભાઈ પોપટ અનેક લોકોને પોતાનાથી થાય તેટલી મદદ હંમેશા કરે છે પછી તે રાજકિય કામ હોય, સામાજીક કામ હોય કે કાર્યકર્તાનુ વ્યકિતગત કામ હોય તેઓ નિાર્થ ભાવે નિષ્ઠાપુર્વક પ્રયત્ન કરે જ.

આવા નિરાભીમાની, વિશાળ મિત્રવર્ગ ધરાવતા અને કાર્યકરોના હદયમાં રહેતા દિનેશભાઈ પોપટની જન્મ દિવસની ઉજવણી બાળ કોને જમાડી સાદાઈથી ઉજવવાનુ નક્કી કરેલ છે.

શ્રવણ પ્રસાદ સેવા કેન્દ્રના વ્યવસ્થાપક ભીખુભાઈ અગ્રાવત, મુકેશભાઈ જાની, જીતેંદ્રભાઈ જોષી, કીશોરભાઈ મીશ્રા, કિરણભાઈ નાંઢા, ડી.જી. મહેતા, ભારતિબેન પંડયા, પિયુશભાઈ શુકલ, ડો. ચંદ્રેશ ખુંટ વગેરે મિત્રો જન્મ દિવસની હાર્દીક શુભેચ્છા પાઠવે છે.

**દિનેશભાઈ પોપટ**
**મો. નં. ૯૪૨૬૦૨૮૦૮૦**

### બ્રહ્મસમાજ યુવા સંગઠન દ્વારા

## રાજુલા ખાતે શહીદોને શ્રધ્ધાંજલિ પાઠવીને રકતદાન કેમ્પ યોજાયો

### ૪૦ બોટલ રક્ત એકત્ર કરાયું



તસ્વીર : યોગેશ કાનાબાર-રાજુલા

રાજુલા, તા. ૨૯

રાજુલા શહેરમાં બ્રહ્મસમાજ યુવા સંગઠન દ્વારા પ્રથમ વખત પરશુરામ જયંતિના દિવસે ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી અને અન્ય સમાજને પ્રેરણારૂપ કાર્ય કર્યુ હતું. જમ્મુ કાશ્મીરમાં આંતકવાદી હુમલામાં મૃત્યુ પામેલા ૨૬ લોકોના આત્માઓના શાંતિ માટે અને શિવમ ભરતભાઈ વ્યાસ અને જયોતિબેન ભરતભાઈ વ્યાસના મોક્ષાર્થે ભવ્ય રકતદાન કેમ્પનું આયોજન કર્યુ હતું. આ યુવાનો દ્વારા એક પણ પોતાની પ્રસિદ્ધિનું બેનર માર્યા વગર તેના આત્માને શાંતિ અર્થે રકતદાન કેમ્પ કર્યુ હતું જેમાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકી હાજરી આપી બે મિનિટનું મૈન પડયું હતું.

પરશુરામબાપાની જયંતિ નિમિતે તેમજ સ્વ.શિવમ ભરતભાઈ વ્યાસ અને જયોતિબેન ભરતભાઈ વ્યાસના સ્મરણાર્થે, જમ્મુ કાશ્મીરમાં આંતકવાદી હુમલામાં જીવ ગુમાવનારા જીવાત્માના શાંતિ અર્થે બ્રહ્મસમાજ યુવા સંગઠન રાજુલા અને નવકાર ચેરિટેબલ ટ્રસ્ટ મહુવાના સૌજન્ય દ્વારા આયોજીત બ્લડ ડોનેશન કેમ્પમાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકી સહિતના આગેવાનોએ હાજરી આપી હતી.

જમ્મુ કાશ્મીરમાં આંતકવાદી હુમલામાં જીવ ગુમાવનારાઓ જીવાત્માના આત્માના શાંતિ માટે મૈન પાળ્યું હતું. શ્રી પરશુરામ જયંતિ નિમિતે આવા ભગીરથ આયોજન બદલ સૌ કાર્યકર્તાઓને બિરદાવ્યા હતા.

આ તકે રવુંભાઈ ખુમાણ, હેમલભાઈ વસોયા, સાગરભાઈ સરવૈયા, હરસુરભાઈ લાખણોત્રા, ઘનશ્યામભાઈ વાઘ, યુવરાજભાઈ ચાંદો, મનસુખભાઈ જોશી, અર્ચનાબેન જોશી, પરાગભાઈ જોશી, ચિરાગભાઈ જોશી, પરેશભાઈ ગોહિલ, નિરવભાઈ ભટ્ટ, નિલેશ કલસરિયા, હરેશ જેઠવા, પ્રફુલભાઈ રાજયગુરૂ, ભુપતભાઈ જોશી, મહેશભાઈ રાજયગુરૂ, જે. એમ. ઠાકર સહિતના સર્વસમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે બ્રહ્મ સમાજ યુવા સંગઠનના યુવાનો જીગ્નેશભાઈ ઉપાધ્યાય, અભિષેક જોશી, પાર્થ વ્યાસ, ભાર્ગ વ્યાસ, આકાશ ભટ્ટ, નીરવભાઈ જાની, પરાગભાઈ જોશી સહિતના કમિટી મેમ્બરોએ ભારે જહેમત ઉઠાવી હતી સ્થાનિક આગેવાનો, નગરપાલિકાના પદાધિકારીઓ, બ્રહ્મસમાજના આગેવાનો, રક્તદાતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા ૧૪મેનાં રોજ નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વ રોગ કેમ્પ યોજાશે

ચલાલા, તા.૨૯

ચલાલા-વિવિધ સેવાકીય કાર્યો કરનાર ચલાલાના યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ગાયત્રી સંસ્કાર કેન્દ્ર, ધારી રોડ ચલાલા ખાતે આગામી તા.૧૪/૫/૨૦૨૫ બુધવારના રોજ ૨૭૮મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, સર્વરોગ કેમ્પનું આયોજન કરેલ છે. રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ તથા જીલ્લા અંધત્વ નિવારણ સમિતિના ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમ સેવા આપશે.

યુગનિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ તરફથી આર્થિક સહયોગથી યોજનાર આ કેમ્પમાં દર્દીઓની તપાસ કરી દવા આપવામાં આવશે અને ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીને રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી વિનામૂલ્યે નેત્રમણી મૂકી અદ્યતન સારવાર અને દવા આપવામાં આવશે અને સાથે દર્દીઓએ આધારકાર્ડની ઝેરોક્ષ નકલ સાથે લાવવી.

દંતયજ્ઞમાં દાતના તમામ રોગો જેવા કે દાત કાઢવા ચાંદી પૂરવી વગેરેની સારવાર વિનામુલ્યે કરવામાં અવશે.

સર્વરોગ કેમ્પમાં તમામ તમામ પ્રકારના રોગો જેવા કે શ્વાસ, હરસ, મસા, ડાયાબીટીશ, પેટના રોગો, વાના રોગો વગેરેની સારવાર કરી દવા પણ વિનામુલ્યે આપવામાં આવશે.

ઉપરોકત સ્થળે દર મહિનાના બીજા બુધવારે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાય છે. કેમ્પમાં ઉપરોકત તમામ સારવાર વિનામુલ્યે મળશે તો ચલાલા અને આજુબાજુના ગામોમાંથી વધુમાં વધુ લોકો લાભ લે તેવું સંસ્થાના વડા પૂ. ડો.રતિદાદાની એક યાદીમાં જણાવાયું છે.


**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફિકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦, પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦
















# પૂર્વ IPS સંજીવ ભટ્ટની ૧૯૯૦ કસ્ટોડિયલ ડેથ કેસમાં આજીવન કેદની સજા સ્થગિત કરવાની માંગ SCએ ફગાવી

## ભટ્ટ દ્વારા સર્વોચ્ચ અદાલત સમક્ષ દાખલ કરવામાં આવેલી અપીલની પ્રાથમિકતાના આધારે સુનાવણી કરવામાં આવશે

નવી દિલ્હી,તા.૨૯

સુપ્રીમ કોર્ટે મંગળવારે ભૂતપૂર્વ ભારતીય પોલીસ સેવા અધિકારી સંજીવ ભટ્ટની ૧૯૯૦ના કસ્ટોડિયલ ડેથ કેસમાં તેમની આજીવન કેદની સજાને સ્થગિત કરવાની માગણી કરતી અરજીને ફગાવી દીધી હતી. તેણે આ કેસમાં જામીન પણ માંગ્યા હતા, જેને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધા હતા.ન્યાયમૂર્તિ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચે કહ્યું કે તે સજાને સ્થગિત કરવા અને સંજીવ ભટ્ટને જામીન પર મુક્ત કરવાના પક્ષમાં નથી. જો કે, ખંડપીઠે નિર્દેશ આપ્યો હતો કે ભટ્ટ દ્વારા સર્વોચ્ચ અદાલત સમક્ષ દાખલ કરવામાં આવેલી અપીલની પ્રાથમિકતાના આધારે સુનાવણી કરવામાં આવશે.

આ કેસ ૧૯૯૦ માં બનેલી એક ઘટના સાથે સંબંધિત છે જ્યારે સંજીવ ભટ્ટ જામનગર જિલ્લામાં અધિક પોલીસ અધિક્ષક તરીકે પોસ્ટ કરવામાં આવ્યા હતા. ત્યાં સાંપ્રદાયિક રમખાણો ફાટી નીકળ્યા પછી તેઓએ આતંકવાદી અને વિક્ષેપકારક પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (ટાડા) હેઠળ લગભગ ૧૩૩ લોકોની અટકાયત કરી હતી.
તે વર્ષે ૩૦ ઓક્ટોબરે ભારતીય જનતા પાર્ટી અને વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા તત્કાલિન ભાજપના વડા લાલ કૃષ્ણ અડવાણીની ધરપકડના વિરોધમાં ભારત બંધના એલાનને પગલે રમખાણો થયા હતા. બિહારમાં જ્યારે તેમની ધરપકડ કરવામાં આવી ત્યારે અડવાણીએ રામ મંદિર મુદ્દે ગુજરાતના સોમનાથથી અયોધ્યા સુધી રથયાત્રા કાઢી હતી.અટકાયતમાંના એક પ્રભુદાસ વૈષ્ણાનીનું કસ્ટડીમાંથી છૂટ્યા બાદ મૃત્યુ થયું હતું. તેમના પરિવારનો આરોપ છે કે વૈષ્ણનીને સંજીવ ભટ્ટ અને તેમના સહયોગીઓ દ્વારા કસ્ટડીમાં ત્રાસ આપવામાં આવ્યો હતો, જેના કારણે તેમનું મૃત્યુ થયું હતું. પ્રભુદાસ વૈષ્ણાની ૯ દિવસ પોલીસ કસ્ટડીમાં હતા અને જામીન પર છૂટ્યા બાદ કિડની ફેલ થવાથી તેમનું મૃત્યુ થયું હતું. તેમના પરિવારે સંજીવ ભટ્ટ અને અન્ય અધિકારીઓ વિરુદ્ધ કસ્ટોડિયલ યાતનાને કારણે વૈષ્ણાનીના મૃત્યુ માટે FIR દાખલ કરી હતી અને ૧૯૯૫માં મેજિસ્ટ્રેટ દ્વારા તેની નોંધ લેવામાં આવી હતી.આ કેસમાં બે સબ ઈન્સ્પેક્ટર અને ત્રણ પોલીસ કોન્સ્ટેબલ સહિત કુલ સાત પોલીસ અધિકારીઓ આરોપી હતા. જામનગરની સેશન્સ કોર્ટે પ્રભુદાસ વૈષ્ણાનીના કસ્ટોડિયલ ડેથ કેસમાં સંજીવ ભટ્ટ અને અન્ય એક પોલીસકર્મીને દોષિત ઠેરવ્યા હતા અને તેમને આજીવન કેદની સજા ફટકારી હતી. પૂર્વ IPSએ સેશન્સ કોર્ટના નિર્ણયને ગુજરાત હાઈકોર્ટમાં પડકાર્યો હતો. ૨૦૨૪ માં, ગુજરાત હાઈકોર્ટે ભટ્ટની તેમની દોષિત ઠરાવ અને સજા સામેની અપીલને ફગાવી દીધી હતી. ત્યારબાદ તેણે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો, જેણે ઓગસ્ટ ૨૦૨૪માં આ મામલે ગુજરાત સરકારને નોટિસ પાઠવી હતી. કોર્ટે સજા સસ્પેન્ડ કરવાના પાસાને સાંભળ્યો અને પછી તેનો નિર્ણય અનામત રાખ્યો હતો. સંજીવ ભટ્ટ અન્ય બે કેસમાં પણ આરોપી છે - ૧૯૯૬નો ડ્રગ પ્લાન્ટિંગ કેસ અને ૧૯૯૭નો કસ્ટોડિયલ ડેથ કેસ. ૧૯૯૬ ના ડ્રગ પ્લાન્ટિંગ કેસમાં સેશન્સ કોર્ટે તેને દોષિત ઠેરવ્યો હતો અને ૨૦ વર્ષની જેલની સજા ફટકારી હતી. તેની સામેની તેમની અપીલ ગુજરાત હાઈકોર્ટમાં પેન્ડિંગ છે.

### પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાથી દરેક ભારતીય ગુસ્સે છે

# કોંગ્રેસ પાર્ટીએ પીએમ મોદીને પત્ર લખી સંસદનું વિશેષ સત્ર બોલાવવાની માગ કરી

## કોંગ્રેસ પાર્ટીએ માગ કરી છે કે પહલગામ હુમલાને લઈને સંસદનું વિશેષ સત્ર બોલાવવામાં આવે

નવી દિલ્હી,તા.૨૯

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં આતંકી હુમલાના કારણે આખા દેશમાં ગુસ્સાનો માહોલ છે. આતંક વિરુદ્ધ તમામ લોકો અને રાજકીય પાર્ટી એક સાથે છે અને આતંકીઓ અને તેમના આકા પાકિસ્તાન વિરુદ્ધ આકરી કાર્યવાહી કરવાની માગ કરી રહ્યા છે.
આ દરમ્યાન હવે કોંગ્રેસ પાર્ટીએ માગ કરી છે કે પહલગામ હુમલાને લઈને સંસદનું વિશેષ સત્ર બોલાવવામાં આવે. કોંગ્રેસ અધ્યક્ષ અને રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જૂન ખડગે અને લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખીને વિશેષ સત્ર બોલાવવાની માગ કરી છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ પીએમ મોદીને ઉદ્દેશીને લખ્યું છે કે આ સમયે જ્યારે એકતા અને એકજૂટતા જરુરી છે, વિપક્ષનું માનવું છે કે, ટૂંક સમયમાં જ સંસદના બંને સદનોના વિશેષ સત્ર બોલાવામાં આવે. આ ૨૨ એપ્રિલ ૨૦૨૫ના રોજ પહલગામમાં નિર્દોષ નાગરિકો પર થયેલા ક્રૂર આતંકવાદી હુમલાના હલ માટે આપણો સામૂહિક સંકલ્પ અને ઈચ્છાશક્તિની એક દ્રઢ અભિવ્યક્તિ હશે. તેમણે કહ્યું કે, અમને આશા છે કે સત્ર બોલાવવામાં આવશે.પીએમ મોદીને લખેલા પત્રમાં રાહુલ ગાંધીએ કહ્યું, ‘‘પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાથી દરેક ભારતીય ગુસ્સે છે. આ મહત્વપૂર્ણ સમયે, ભારતે બતાવવું જોઈએ કે આપણે હંમેશા આતંકવાદ સામે સાથે રહીશું. વિપક્ષ માને છે કે સંસદના બંને ગૃહોનું એક ખાસ સત્ર બોલાવવું જોઈએ, જ્યાં લોકોના પ્રતિનિધિઓ તેમની એકતા અને દ્રઢ નિશ્ચય બતાવી શકે.’’ કોંગ્રેસ નેતાએ કહ્યું, ‘‘અમારી વિનંતી છે કે ખાસ સત્ર શક્ય તેટલું જલ્દી બોલાવવામાં આવે.’’અગાઉ રાષ્ટ્રીય જનતા દળ, ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી અને કપિલ સિબ્બલ જેવા નેતાઓએ પણ પહેલગામ હુમલા અંગે સંસદનું ખાસ સત્ર બોલાવવાની માંગ કરી હતી. અહીં ઉલ્લેખનિય છે કે, ૨૨ એપ્રિલે જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ લોકો માર્યા ગયા હતા. હુમલામાં માર્યા ગયેલા મોટાભાગના લોકો પ્રવાસીઓ અને હિન્દુઓ હતા જેમને તેમનો ધર્મ પૂછ્યા પછી મારી નાખવામાં આવ્યા હતા.

### ૧૦૦ અને ૨૦૦ની નોટો મુદ્દે મોટો નિર્ણય

# ૧૦૦-૨૦૦ની નોટની ઉપલબ્ધતા વધારવી જરૂરી RBIએ બેન્કોને આપ્યા કડક નિર્દેશ

## સામાન્ય લોકો માટે નાની રકમની નોટની ઉપલબ્ધતા વધારવા માટે આ પગલું લેવું જરૂરી છે

નવીદિલ્હી,તા.૨૯

બેંક એટીએમમાંથી પૈસા ઉપાડતી વખતે મોટાભાગે રૂ. ૫૦૦ની જ નોટ નીકળે છે. ૧૦૦-૨૦૦ની નોટ ભાગ્યે જ જોવા મળતી હોય છે. પરંતુ હવે આમ નહીં થાય. આરબીઆઈએ મહત્ત્વનો નિર્ણય લેતાં તમામ બેંકોને નિર્દેશ આપવામાં આવ્યા છે કે, એટીએમમાંથી રૂ. ૧૦૦ અને રૂ. ૨૦૦ની નોટ પણ નીકળે.
આરબીઆઈએ સોમવારે બેંકોને નિર્દેશ આપ્યા હતાં કે, સામાન્ય લોકો માટે નાની રકમની નોટની ઉપલબ્ધતા વધારવા માટે આ પગલું લેવું જરૂરી છે. બેંકોએ એટીએમમાંથી આ મૂલ્યના કરન્સી નોટ પર્યાપ્ત પ્રમાણમાં મળી રહે તેની ખાતરી કરવી. બેંકો અને વ્હાઈટ લેબલ એટીએમ ઓપરેટર્સે આ નિર્દેશને તબક્કાવાર લાગુ કરવા કહ્યું છે. ઉલ્લેખનીય છે કે, વ્હાઈટ લેબલ એટીએમ સરકારી અને પ્રાઈવેટ બેંકોના એટીએમની જેમ કામ કરે છે. તેને ખાનગી અને નોન બેંકિંગ ફાઈનાન્સ કંપનીઓ ઈન્સ્ટોલ કરે છે. તેમાં વિવિધ બેંકોના ડેબિટ કાર્ડ અને ક્રેડિટ કાર્ડ મારફત રોકડ ઉપાડ, બેલેન્સ ચેક સહિતની તમામ સુવિધાઓ મળે છે.આરબીઆઈએ સર્ક્યુલરમાં જણાવ્યુ છે કે, મોટાભાગે એટીએમમાંથી રોકડ ઉપાડતી વખતે રૂ. ૫૦૦ના મૂલ્યની નોટ જ નીકળે છે. આથી નાના અને સામાન્ય નાગરિકોના હિતોને ધ્યાનમાં રાખતાં તમામ બેંકો અને વ્હાઈટ લેબલ એટીએમ ઓપરેટર્સને ખાતરી કરવા આદેશ છે કે, તેમના એટીએમમાંથી નિયમિત ધોરણે રૂ. ૧૦૦ અને રૂ. ૨૦૦ની નોટ નીકળે. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી તમામ એટીએમમાંથી ૭૫ ટકા એટીએમાંથી ઓછામાં ઓછા એક કેસેટમાં રૂ. ૧૦૦ અને રૂ. ૨૦૦ની નોટ નીકળવી જોઈએ. ત્યારબાદ આગામી તબક્કામાં ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી ૯૦ ટકા એટીએમમાંથી ઓછામાં ઓછા એક કેસેટમાંથી રૂ. ૧૦૦ અને રૂ. ૨૦૦ના મૂલ્યની નોટ નીકળવી જોઈએ.આરબીઆઈએ અગાઉ જારી કરેલા સર્ક્યુલરમાં ૧ મે, ૨૦૨૫થી એટીએમમાંથી રોકડ ઉપાડના નિયમો પણ બદલ્યા છે. જેમાં હોમ બેંક નેટવર્ક સિવાયના એટીએમમાંથી ઉપાડ, બેલેન્સ ચેક માટે યુઝરે વધુ ચાર્જ ચૂકવવો પડશે. ૧ મેથી અન્ય બેંકના એટીએમમાંથી ઉપાડ પર રૂ. ૧૯ અને બેલેન્સ ચેક કરવા પર રૂ. ૭ પેટે ચાર્જ ચૂકવવો પડશે. જે પહેલાં ક્રમશઃ રૂ. ૧૭ અને રૂ. ૬ હતો.

### પહલગામ હુમલા બાદ ભારતની આકરી કાર્યવાહી

# ભારત સાથે તણાવ બાદ બેબાકળું પાકિસ્તાન મદદ માટે રશિયા પહોંચ્યું

## પાકિસ્તાન યુદ્ધના ભણકારા વચ્ચે તુર્કિયે, ચીન, બ્રિટન જેવા દેશો પાસે મદદ માગી રહ્યું છે

નવીદિલ્હી,તા.૨૯

પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદિલીનો માહોલ સર્જાયો છે. ભારત સતત પાકિસ્તાન વિરૂદ્ધ આકરી કાર્યવાહી હાથ ધરી રહ્યું છે. હાલમાં જ તેણે ફ્રાન્સમાંથી રાફેલ-એમ ફાઈટર એરક્રાફ્ટની ડીલ કરી પોતાનું સામર્થ્ય વધાર્યું છે. બીજી બાજુ પાકિસ્તાન યુદ્ધના ભણકારા વચ્ચે તુર્કિયે, ચીન, બ્રિટન જેવા દેશો પાસે મદદ માગી રહ્યું છે. પાકિસ્તાન હવે મદદ માટે રશિયા પહોંચ્યું છે. પાકિસ્તાનના રાજદૂત મોહમ્મદ ખાલિદ જમાલીએ હાલમાં જ રશિયાના નાયબ વિદેશ મંત્રી આંદ્રે રૂદેનકો સાથે મુલાકાત કરી હતી. તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવ મુદ્દે વાતચીત કરી ભય વ્યક્ત કર્યો હતો કે, ભારત તેના પર હુમલો કરી શકે છે. રશિયાને આ યુદ્ધ રોકવા અપીલ કરી છે. પાકિસ્તાનને સતત ભય છે કે, ભારત ગમે ત્યારે પાકિસ્તાન પર યુદ્ધ કરી શકે છે. પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારત એક્શનમાં છે. તેણે અત્યારસુધી અનેક મોટા નિર્ણયો લીધા છે.રશિયાના વિદેશ મંત્રાલયે પાકિસ્તાનના રાજદૂત સાથેની મુલાકાત અંગે જણાવ્યું હતું. રશિયાએ કહ્યું કે, તેણે પાકિસ્તાનને સલાહ આપી છે કે, તે ભારત સાથે વાતચીત કરી આ મુદ્દો ઉકેલે. આ પહેલાં પાકિસ્તાન તુર્કિયે પાસે પણ પહોંચ્યું હતું. પહલગામ આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાન ભારતની કાર્યવાહીથી બચવા માટે યુએન, બ્રિટન, તુર્કિયે, અને હવે રશિયા પાસે સમર્થન માગી રહ્યું છે.

જે સંકેત આપે છે કે, પાકિસ્તાન સતત ભારત સાથે યુદ્ધના ભય હેઠળ જીવી રહ્યું છે. ૨૨ એપ્રિલે કાશ્મીરના પહલગામમાં આતંકવાદીઓ દ્વારા ૨૬ જેટલા નિર્દોષ પર્યટકોની હત્યા કરી દેવામાં આવી હતી. આ હુમલાની અગાઉ પાકિસ્તાન સ્થિત લશ્કર-એ-તૈયબાના જૂથ ધ રેજિસ્ટન્સ ફ્રન્ટે લીધી હતી. જો કે, બાદમાં તેણે પલટી મારી હુમલા સાથે કોઈ લેવાદેવા ન હોવાની જાહેરાત કરી હતી. પાકિસ્તાન વર્ષોથી આતંકવાદને પોષતુ આવ્યું છે. ભારતે આ હુમલાની જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાન વિરૂદ્ધ અનેક આકરા નિર્ણયો લીધા છે. જેમાં ભારત હવે પાકિસ્તાન માટે એરસ્પેસ બંધ કરવાની તૈયારી કરી રહ્યું છે. ભારતે પાકિસ્તાન સાથેની સિંધુ જળ સંધિ પર પણ રોક, પાકિસ્તાની નાગરિકોને ભારત છોડવા આદેશ, તેમજ પાકિસ્તાન હાઈકમિશનના અધિકારીઓની સંખ્યા ઘટાડવા જેવા નિર્ણયો જાહેર કર્યા છે.

### જમ્મુ અને કાશ્મીરમાં મોટો નિર્ણય

# સરકારે કાશ્મીર ખીણમાં ૪૮ પર્યટન સ્થળોને અસ્થાયી રૂપે બંધ કરી દીધા

## જે પર્યટન સ્થળોને અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યા છે તે કાં તો આતંકવાદ વિરોધી સર્ચ ઓપરેશનનો ભાગ છે અથવા સંવેદનશીલ સ્થળો પર સ્થિત છે

જમ્મુ,તા.૨૯

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ, રાજ્યભરમાં આતંકવાદીઓ સામે સુરક્ષા દળોનું ઓપરેશન ચાલુ છે. સેના અને પોલીસ કર્મચારીઓ સતત સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે અને પસંદગીપૂર્વક આતંકવાદીઓને મારી રહ્યા છે અને તેમના ઠેકાણાઓનો નાશ કરી રહ્યા છે. સેનાના આ ઓપરેશન વચ્ચે, જમ્મુ અને કાશ્મીર સરકારે એક મોટો નિર્ણય લીધો છે. સરકારે કાશ્મીર ખીણમાં ૪૮ પર્યટન સ્થળોને અસ્થાયી રૂપે બંધ કરી દીધા છે.
જમ્મુ અને કાશ્મીર સરકારે આતંકવાદીઓ સામે સર્ચ ઓપરેશન અને સુરક્ષા સમીક્ષાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લીધો છે. સરકારે કાશ્મીર ખીણમાં પ્રવાસીઓ માટે ૪૮ પર્યટન સ્થળોને અસ્થાયી રૂપે બંધ કરવાનો આદેશ જારી કર્યો છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ૮૭ પર્યટન સ્થળો પર પ્રવાસીઓને મુક્તપણે ફરવાની છૂટ છે. જો કે, જે પર્યટન સ્થળોને અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યા છે તે કાં તો આતંકવાદ વિરોધી સર્ચ ઓપરેશનનો ભાગ છે અથવા સંવેદનશીલ સ્થળો પર સ્થિત છે.

જિલ્લાઓ અને પ્રવાસન સ્થળોની યાદી

બાંદીપોરા- ગુરેઝ વેલી- બિન-સ્થાનિકો માટે બંધ
બડગામ- યુસમાર્ગ
બડગામ- તૌસીમૈદાન
બડગામ- દૂધપાથરી
કુલગામ- અહરબલ
કુલગામ- કૌસરનાગ
કુપવાડા- બંગસ
કુપવાડા- કરીવાન ડાયવર્ટ
કુપવાડા-ચંડીગામ
હંદવાડા- બંગુસ વેલી
સોપોર- વુલર/વોટલેબ
સોપોર- રામપોરા અને રાજપોરાસોપોર- ચેહર, સોપોર- મુંડીઝ- હમામ- માર્કટ વોટરફોલ,સોપોર- ખાંપુ, બોસ્ની, વિઝિટોપઅનંતનાગ- સૂર્ય મંદિર ખીરીબલ
અનંતનાગ- વેરીનાગ ગાર્ડનઅનંતનાગ- સિન્થન ટોપ
અનંતનાગ- માર્ગન્ટોપ
અનંતનાગ-આકાદ પાર્ક
બારામુલ્લા- હબ્બા ખાતૂન પોઈન્ટ કવાર
બારામુલ્લા- બાબરેશી તંગમાર્ગ
બારામુલ્લા-રિંગાવલી તંગમાર્ગ
બારામુલ્લા- ગોગલદરા તંગમાર્ગ
બારામુલ્લા- બદરકોટ તંગમાર્ગ
બારામુલ્લા-શ્રુંજ વોટરફોલ
બારામુલ્લા- કમાન્ડ પોસ્ટ ઉરી
બારામુલ્લા- નમ્બલાન વોટરફોલ
બારામુલ્લા- ઈકો પાર્ક ખાદનિયારપુલવામા- સંગરવાની
શ્રીનગર- જામિયા મસ્જિદ
શ્રીનગર- બદામવારી
શ્રીનગર- રાજૌરી કદલ હોટેલ કનાઝ
શ્રીનગર- આલી કદલ જેજે ફૂડ રેસ્ટોરન્ટ
શ્રીનગર- આઈવરી હોટેલ ગાંડતાલ (થીડ) શ્રીનગર- પદશપાલ રિસોર્ટ્સ અને રેસ્ટોરન્ટ્સ (ફકીર ગુજરી)
શ્રીનગર- ચેરી ટ્રી રિસોર્ટ (ફકીર ગુજરી)
શ્રીનગર- નોર્થ ક્લિફ કાફે એન્ડ રીટ્રીટ બાય સ્ટે પેટર્ન (અસ્તાનમાર્ગ પેરાગ્લાઈડિંગ પોઈન્ટ)
શ્રીનગર- ફોરેસ્ટ હિલ કોટેજ (અસ્તાન મોહલ્લા, દારા)
શ્રીનગર- ઈકો વિલેજ રિસોર્ટ (દારા)
શ્રીનગર- અસ્તાનમાર્ગ વ્યુ પોઈન્ટ
શ્રીનગર અસ્તાનમાર્ગ પેરાગ્લાઈડિંગ સ્પોટ્સ શ્રીનગર- મામનેથ અને મહાદેવ હિલ્સ (ફકીર ગુજરી દ્વારા)

### પહલગામ હુમલા મામલે NIAનો મોટો ખુલાસો

# બે આતંકવાદીઓ ફૂડ સ્ટોલ પાછળ બેઠા હતા, પકડી પકડીને ગોળી મારી

## આ આતંકવાદીઓ ૨૨ એપ્રિલે હુમલો કરતા પહેલા શસ્ત્રો સાથે હતા અને તકની રાહ જોઈ રહ્યા હતા

શ્રીનગર,તા.૨૯

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં પ્રવાસીઓના હત્યાકાંડ બાદ, ભારતીય સુરક્ષા દળો તેમની કાર્યવાહીમાં વ્યસ્ત જોવા મળી રહ્યા છે. આજે આતંકવાદી હુમલાને એક અઠવાડિયું થઈ ગયું છે, અને હવે તપાસમાં જાણવા મળ્યું છે કે, આતંકવાદીઓએ એપ્રિલના પહેલા અઠવાડિયામાં જ પહલગામની બૈસરન ખીણમાં રેકી કરી હતી. આ આતંકવાદીઓ ૨૨ એપ્રિલે હુમલો કરતા પહેલા શસ્ત્રો સાથે હતા અને તકની રાહ જોઈ રહ્યા હતા.
ગુપ્તચર માહિતી અનુસાર, આતંકવાદીઓ બે દિવસ પહેલા પ્રવાસીઓ પર હુમલો કરવાની યોજના બનાવી રહ્યા હતા, પરંતુ ખરાબ હવામાનને કારણે તેમની યોજના મુલતવી રાખવામાં આવી હતી.

પ્રત્યક્ષદર્શીઓએ રાષ્ટ્રીય તપાસ એજન્સી ને જણાવ્યું કે, ૨૨ એપ્રિલના રોજ બપોરે ૨:૩૦ વાગ્યાની આસપાસ, બે આતંકવાદીઓ એક ફૂડ સ્ટોલ પાછળ બેઠા હતા. તે અચાનક ઊભા થયા અને દુકાનોમાં નાસ્તો કરી રહેલા પ્રવાસીઓને તેમના ધર્મ વિશે પૂછવા લાગ્યો હતો. પછી થોડીવારમાં જ ચાર લોકોને ગોળી મારી દેવામાં આવી હતી. જણાવી દઈએ કે, શરૂઆતમાં એવી શંકા હતી કે, આતંકવાદીઓ આસપાસના પહાડો પરથી નીચે આવ્યા હતા અને ગોળીબાર શરૂ કર્યો હતો.

લગભગ ૩૦ મિનિટ સુધી ચાલેલા ગોળીબાર દરમિયાન, આતંકવાદીઓએ લોકોને ’કલમા’ પઢવાનું કહ્યું જેથી તેમના ધર્મની ઓળખ થઈ શકે. આ પછી તેણે ૨૬ લોકોની નિર્દયતાથી હત્યા કરી હતી. મૃતકોમાં મોટાભાગના હિન્દુ પુરુષો હતા, જેમાં એક કાશ્મીરી ખચ્ચર ચલાવનાર અને એક નેપાળી નાગરિકનો સમાવેશ થાય છે. NIA અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ હુમલામાં અંધાધૂંધ ગોળીબાર નહોતો, પરંતુ હુમલાખોરોએ દરેક પીડિતના માથામાં ગોળી મારી હતી. હુમલા દરમિયાન, જ્યારે પહેલા બે આતંકવાદીઓએ ચાર લોકોના માથામાં ગોળી મારી, ત્યારે ભાગદોડ મચી ગઈ હતી. આ પછી, ઝિપ લાઇન નજીકથી વધુ બે આતંકવાદીઓ બહાર આવ્યા અને ભાગી રહેલા લોકો પર ગોળીબાર કર્યો હતો. ગુપ્તચર એજન્સીઓના જણાવ્યા અનુસાર, આતંકવાદીઓએ એપ્રિલના પહેલા અઠવાડિયામાં જ પહલગામમાં હોટલોની રેકી કરી હતી. હવે NIA સ્થાનિક લોકોની પૂછપરછ કરી રહી છે અને હોટલોના CCTV ફૂટેજની પણ તપાસ કરવામાં આવી રહી છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે, ૨૦ અને ૨૧ એપ્રિલના રોજ વરસાદને કારણે ૨૨ એપ્રિલના રોજ બૈસરન ખીણમાં ૫,૦૦૦ થી વધુ પ્રવાસીઓ હાજર હતા. એજન્સી તપાસ કરી રહી છે કે, શું આતંકવાદીઓએ મહત્તમ ભીડની રાહ જોઈ હતી અને ’યોગ્ય તક’ મળતાં હુમલો કર્યો હતો. NIA અહીં એક ઝિપ-લાઇન ઓપરેટરની પણ પૂછપરછ કરી રહી છે. એક વીડિયોમાં, ગોળીબાર શરૂ થાય તે પહેલાં તેને ’અલ્લાહ હુ અકબર’ કહેતા સાંભળવામાં આવ્યો હતો. આ વીડિયો પ્રવાસી ઋષિ ભટ્ટ દ્વારા રેકોર્ડ કરવામાં આવ્યો હતા

# પાકિસ્તાનના સંરક્ષણ મંત્રીના X હેન્ડલ પર ભારતમાં રોક

## ભારતે હવે પાકિસ્તાનના સંરક્ષણમંત્રી ખ્વાજા આસિફ સામે કાર્યવાહી કરતા તેના X એકાઉન્ટને બ્લોક કરી દેવામાં આવ્યું છે

નવીદિલ્હી,તા.૨૯

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત પાકિસ્તાન વિરુદ્ધ કડક કાર્યવાહી કર રહ્યું છે. આ દરમિયાન, ભારતે હવે પાકિસ્તાનના સંરક્ષણમંત્રી ખ્વાજા આસિફ સામે કાર્યવાહી કરતા તેના ઠ એકાઉન્ટને બ્લોક કરી દેવામાં આવ્યું છે. અમે પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરીશું: ખ્વાજા આસિફ પાકિસ્તાનના સંરક્ષણમંત્રી ખ્વાજા આસિફે અગાઉ કહ્યું હતું કે, ’પાકિસ્તાન હાઈ એલર્ટ છે અને અમારી સેના સંપૂર્ણપણે તૈયાર છે.’ તેમણે ચેતવણી પણ આપી હતી કે, ’જો પાકિસ્તાનને પોતાના અસ્તિત્વ લઈને ખતરો અનુભવાશે તો અમે પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરીશું.’ તેમના નિવેદન બાદ ભારત સરકારે આ પગલું ભર્યું છે.ભારતે જમ્મુ અને કાશ્મીર પર ખોટી માહિતી અને ખોટા સમાચાર ફેલાવવા તેમજ આતંકવાદને સમર્થન આપવા બદલ પાકિસ્તાનના સંરક્ષણમંત્રી ખ્વાજા એમ આસિફનું એકાઉન્ટ બ્લોક કરી દીધું છે.

### ભારતે બનાવ્યો ફુલપ્રુફ પ્લાન, લઈ શકે છે વધુ બે મોટા નિર્ણય

# ભારત હવે પાકિસ્તાનને વધુ એક મોટો ઝટકો આપી શકે છે

નવી દિલ્હી,તા.૨૯

પહલગામ આતંકી હુમલા બાદ ભારતનું વલણ પાકિસ્તાન વિરુદ્ધ આક્રમક બનેલું છે. સિંધુ જળ સંધિ તોડીને ભારતે પાકિસ્તાનનું પાણી રોકી દીધું. હવે ભારત પાકિસ્તાનની કમર તોડવાની તૈયારી કરી રહ્યું છે. જી હાં, ભારત હવે પાકિસ્તાનને વધુ એક મોટો ઝટકો આપી શકે છે. પાકિસ્તાને ભારત માટે પોતાનું એરસ્પેસ બંધ કરી દીધું છે. હવે ભારત પોતાનો એર રુટ અને સમુદ્રી માર્ગ પાકિસ્તાન માટે બંધ કરી સકે છે. ભારતે પાકિસ્તાનને ભારતીય પોર્ટથી દૂર રાખવાની તૈયારી શરુ કરી દીધી છે. જો ભારતે એર રુટ અને સમુદ્રી માર્ગ રોકવાનો નિર્ણય લીધો તો તેની સીધી અસર પાકિસ્તાનની અર્થવ્યવસ્થા અને ત્યાંના સ્થાનિક લોકો પર પડશે. ભારત આવું કરશે તો પાકિસ્તાનને અન્ય દેશો સુધી પહોંચવા માટે શ્રીલંકા અને ચીનના રસ્તે જવું પડશે. ખાસ કરીને જો ભારતનું હવાઈ ક્ષેત્ર પાકિસ્તાન માટે બંધ થઈ જાય તો તે દક્ષિણ પૂર્વ એશિયન દેશો, કુઆલાલંપુર વગેરે માટે શ્રીલંકા અને ચીનના એરસ્પેસથી ફરીને જવું પડશે, જેના કારણે એરલાઈનનો ખર્ચો, ભાડા વધી જશે. અહીં ઉલ્લેખેનિય છે કે, પાકિસ્તાનની ખરાબ આર્થિક સ્થિતિ પહેલાથી કંગાળ છે. પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈન્સ ભારતના એર સ્પેસનો ઉપયોગ મલેશિયા, સિંગાપોર અને થાઈલેન્ડ જેવા દક્ષિણ પૂર્વ એશિયાઈન દેશો સુધી પહોંચવા માટે કરે છે. ત્યારે આવા સમયે ભારત તરફથી એર અને સમુદ્રી રુટ બંધ કરવામાં આવે તો પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈંસ તે ભારે લાંબુ અંતર કાપીને બીજા દેશોમાં જવું પડશે.
તેનાથી પાકિસ્તાનમાં મોંઘવારી વધશે અને લોકોને આર્થિક નુકસાન થશે. મોંઘવારી વધવાથી ગરીબી વધશે. પાકિસ્તાનનો વેપાર અને અવરજવર ઠપ થઈ જશે, જેનાથી અર્થવ્યવસ્થા તળીયે જશે. યૂરોપિયન એર સેફ્ટી એજન્સીએ સુરક્ષા કારણોથી ૩૦ જૂન ૨૦૨૦ના રોજ પાકિસ્તાન ઈન્ટરનેસનલ એરલાઈન્સને યૂરોપમાં ઉડાન ભરવાથી રોક લગાવી દીધી હતી. જો કે ૪ મહિનાથી વધારે બાદ ૨૯ નવેમ્બર ૨૦૨૪ના રોજ રુટ ફરી શરુ કરી દીધો હતો.

# ભારત સરકાર હવે પાકિસ્તાની વિમાનો માટે પોતાનું હવાઈ ક્ષેત્ર બંધ કરવાની તૈયારીમાં

નવીદિલ્હી,તા.૨૯

પાકિસ્તાન સામે ભારતની કાર્યવાહી હજુ પૂરી થઈ નથી. એવા સમાચાર છે કે ભારત સરકાર હવે પાકિસ્તાની વિમાનો માટે પોતાનું હવાઈ ક્ષેત્ર બંધ કરવાની તૈયારી કરી રહી છે. જોકે, આ અંગે સત્તાવાર રીતે કંઈ કહેવામાં આવ્યું નથી. રસપ્રદ વાત એ છે કે, પહલગામ આતંકવાદી હુમલા પછી, દ્બજીઝ ની બેઠક પાકિસ્તાને ભારતીય વિમાનો માટે હવાઈ ક્ષેત્ર પર પ્રતિબંધ મૂક્યો હતો.એક અહેવાલમાં સૂત્રોના હવાલાથી કહેવામાં આવ્યું છે કે ભારત સરકાર પાકિસ્તાની જહાજોને તેના બંદરોમાં પ્રવેશવા પર પણ પ્રતિબંધ મૂકી શકે છે. આ ઉપરાંત, પાકિસ્તાની વિમાનોના હવાઈ ક્ષેત્રમાં પ્રવેશ પર પણ પ્રતિબંધ લગાવી શકાય છે. આ ઘટના એવા સમયે બની રહી છે જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આતંકવાદી હુમલાના આરોપીઓને કડક સજા આપવાની વાત કરી છે.મીડિયા રિપોર્ટ્સ અનુસાર, જો ભારત સરકાર હવાઈ ક્ષેત્ર પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લે છે, તો પાકિસ્તાની વિમાનોને દક્ષિણ-પૂર્વમાં કુઆલાલંપુર જેવા સ્થળોએ પહોંચવા માટે ચીન અથવા શ્રીલંકા જેવા દેશોના હવાઈ ક્ષેત્રનો ઉપયોગ કરવો પડશે. જોકે, એવા અહેવાલો પણ છે કે પાકિસ્તાની વિમાનો પહેલાથી જ ભારતીય હવાઈ ક્ષેત્રમાં પ્રવેશવાનું ટાળી રહ્યા છે.૨૨ એપ્રિલે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી કેન્દ્રીય મંત્રીમંડળની પહેલી બેઠક બુધવારે યોજાશે. પહેલગામ આતંકવાદી હુમલામાં ૨૬ લોકો માર્યા ગયા હતા, જેમાં મોટાભાગના પ્રવાસીઓ હતા. બુધવારે સવારે ૧૧ વાગ્યે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં એક બેઠક બોલાવવામાં આવી છે. ગયા અઠવાડિયે કેન્દ્રીય મંત્રીમંડળની કોઈ બેઠક નહોતી અને ૨૩ એપ્રિલે ફક્ત સુરક્ષા પરની કેબિનેટ સમિતિ (CCS) ની બેઠક મળી હતી જેમાં પહેલગામ આતંકવાદી હુમલાની નિંદા કરવામાં આવી હતી.

### મોદી સરકારનો માસ્ટર સ્ટ્રોક

# હથિયાર ચલાવ્યા વગર જ પાકિસ્તાનને ઘૂંટણીએ લાવી દીધું

## પાકિસ્તાનીઓની સાથે ત્યાંની અર્થવ્યવસ્થા, ખેતી, વીજળી, અનાજ, ખાતર અને મેડિકલ સેક્ટર પર જોવા મળી રહી છે

નવીદિલ્હી,તા.૨૯

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલી આતંકવાદી ઘટના બાદ ભારત સહિત સમગ્ર વિશ્વને એવું લાગી રહ્યું હતું કે ભારત હવે કોઈ સૈન્ય કાર્યવાહી કરશે. ખુદ પાકિસ્તાનને પણ એવું જ લાગી રહ્યું હતું કે ભારતીય સેના તેની વિરુદ્ધ હથિયારોનો ઉપયોગ કરશે. પરંતુ, મોદી સરકારે પાકિસ્તાને સપનામાં પણ નહીં વિચાર્યું હોય એવો માસ્ટર સ્ટ્રોક રમ્યો અને હથિયારો વગર જ પાકિસ્તાનને હચમચાવી નાખ્યું. આની અસર કરોડો પાકિસ્તાનીઓની સાથે ત્યાંની અર્થવ્યવસ્થા, ખેતી, વીજળી, અનાજ, ખાતર અને મેડિકલ સેક્ટર પર જોવા મળી રહી છે.જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીના ડિપ્લોમસી વિભાગના એસોસિયેટ પ્રોફેસર હેપીમૂન જેકબનું કહેવું છે કે ઈન્ડસ જળ સમજૂતી રદ કરીને ભારતે પાકિસ્તાનને મોટો ફટકો આપ્યો છે. આ એક ખૂબ જ મોટું પગલું છે, કારણ કે આ પાણીનો ૮૦ ટકા ઉપયોગ પાકિસ્તાન જ કરે છે. આ ઉપરાંત ભારતે કોઈપણ પ્રકારનો દ્વિપક્ષીય વેપાર પણ બંધ કરી દીધો છે, જે પાકિસ્તાન માટે તગડો માનવામાં આવી રહ્યો છે. ભારતના નિર્ણયોની પાકિસ્તાન પર ૩ પ્રકારની વ્યાપક અસર જોવા મળી રહી છે.
ખેતી પાકિસ્તાનની અર્થવ્યવસ્થાનું કરોડરજ્જુ છે, જે તેના જીડીપીમાં ૨૦ ટકા યોગદાન આપે છે અને ૩૮ ટકા રોજગાર પણ આ જ સેક્ટરમાંથી આવે છે. પાકિસ્તાનની ૮૦ ટકા ખેતી અને ૩૩ ટકાથી વધારે હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સ એટલે કે વીજ પ્રોજેક્ટ્સ ઈન્ડસ નદીના પાણી પર જ નિર્ભર છે. જોકે, ભારત તાત્કાલિક આ પાણી બંધ નથી કરી શકતું, પરંતુ પાણીનો પ્રવાહ ચોક્કસ ઘટાડી શકે છે. આની તાત્કાલિક અસર પંજાબ અને સિંધ પ્રાંતની ખેતી પર જોવા મળશે, જે ઘઉં, ચોખા, કપાસ અને શેરડીની ખેતીનું મુખ્ય ક્ષેત્ર છે. અમેરિકી વિભાગના આંકડા અનુસાર, પંજાબ પ્રાંત એકલું જ પાકિસ્તાનના કુલ ઘઉંના ઉત્પાદનમાંથી ૭૭ ટકા ઉત્પાદન કરે છે, જ્યારે સિંધ પ્રાંતમાંથી ૧૫ ટકા ઘઉં આવે છે. ખૈબર પખ્તૂનખ્વામાંથી ૫ ટકા અને બલૂચિસ્તાનમાંથી ૩.૫ ટકા ઘઉં ઉત્પાદન થાય છે. નોંધપાત્ર રીતે, સિંધુ નદીનું પાણી રોકવાથી ઘઉં ઉત્પાદન પર મોટી અસર પડી શકે છે. પાકિસ્તાનમાં અનાજના ભાવ પહેલેથી જ આસમાને છે અને ઉત્પાદન ઘટવાથી તેની મુશ્કેલીઓ નિશ્ચિતપણે વધી જશે. ભારતે દ્વિપક્ષીય વેપાર બંધ કર્યા બાદ પાકિસ્તાનનું હેલ્થ સેક્ટર દબાણમાં આવી ગયું છે. પાકિસ્તાન હાલમાં દવાઓના કાચા માલ (રો-મટિરિયલ) માટે ૪૦ ટકા સુધી ભારત પર નિર્ભર છે. કેન્સર, હૃદય રોગ, ડાયાબિટીસ અને એન્ટિબાયોટિક્સ જેવી આવશ્યક દવાઓ માટે પણ પાકિસ્તાન ભારત પર જ નિર્ભર છે. સૂત્રોનું કહેવું છે કે પાકિસ્તાનની ડ્રગ રેગ્યુલેટરી ઓથોરિટીએ પણ ચીન, રશિયા અને યુરોપિયન દેશોમાં વિકલ્પ શોધવાનું શરૂ કરી દીધું છે. ભારત લાંબા સમયથી પાકિસ્તાનને ઢઈઁ અને યુરિયા સપ્લાય કરે છે. ભારતે આની સપ્લાય પણ બંધ કરી દીધી છે અને ખાતરની અછતને કારણે પાકિસ્તાનના પાક ઉત્પાદન પર અસર પડશે. આનો અર્થ એ છે કે પાકિસ્તાને હવે ખાડી દેશો, ચીન અથવા મધ્ય એશિયામાંથી મોંઘા ભાવે ખાતર ખરીદવા પડશે. એકંદરે, પાકિસ્તાને હવે અનાજના સંકટનો સામનો કરવો પડી શકે છે.

# ભારતે સતત ચાર એટેક કર્યા નિષ્ફળ, હેકર્સનો પ્લાન ફેઈલ

પાકિસ્તાન,તા.૨૯

પાકિસ્તાન સમર્થિત આતંકવાદીઓએ ૨૬ પ્રવાસીઓને મોતને ઘાટ ઉતાર્યા બાદ પાકિસ્તાન ભયભીત થઈ ગયું છે. ભારત ગમે તે સમયે હુમલો કરવાની તૈયારીમાં હોવાનો પાકિસ્તાનને ડર છે. ભારત તરફથી સંભવિત યુદ્ધના ડરથી પાકિસ્તાને સેના સાથે આતંકવાદીઓને એલર્ટ કરી દીધા છે. આ સાથે તે હેકર્સોનો ઉપયોગ કરી ભારતમાં સાયબર એટેક કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. રિપોર્ટ મુજબ, પાકિસ્તાને ચાર સાયબર એટેક કર્યા છે, જેને ભારતે નિષ્ફળ બનાવી દીધા છે.રિપોર્ટ મુજબ પાકિસ્તાન તરફથી ભારતીય સેના સંબંધીત ઑટોનોમસ વેબસાઈટને હેક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે અને છેલ્લા બે દિવસમાં બે વખત આવી હરકત થઈ છે. જોકે રાહતની વાત એ છે કે, આ વેબસાટો ભારતીય સેનાના નેટવર્ક સાથે જોડાયેલી નથી.અહેવાલ મુજબ પાકિસ્તાન સ્થિત IOK હેકર સાયબર ગ્રૂપે ભારતીય સેના સાથે સંકળાયેલી કેટલીક જાહેર વેબસાઈટોને ટાર્ગેટ કરવાનો પ્રયાસ કર્યો છે. ગ્રૂપે આર્મી પબ્લિક સ્કૂલ શ્રીનગર, રાનીખેતની વેબસાઈટ, આર્મી વેલફેયર હાઉસિંગ ઑર્ગેનાઈઝેશન અને વાયુસેનાના પ્લેસમેન્ટ પોર્ટલને નિશાન બનાવવાની નાપાક હરકત કરી છે.જોકે ભારતની સાયબર એજન્સીઓએ પાકિસ્તાનનો સાયબર એટેકનો પ્લાન ફેલ કરી દીધો છે. પાકિસ્તાની હરકતના સંકેત મળતા જ ભારતીય એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે અને સરહદ પારથી થઈ રહેલી પ્રવૃત્તિઓને ટ્રેક કરી છે. આ દરમિયાન લોકેશન પાકિસ્તાન હોવાનું સામે આવ્યું છે.

### નિયમનું ઉલ્લંઘન કરનારને થશે રૂ.૫ હજારનો દંડ

# બદ્રીનાથ ધામ પરિસરમા વીડિયો કોલિંગ અને ફોટોગ્રાફી પર પ્રતિબંધ

**મંદિર પરિસરની આસપાસ ચંપલના ઢગલાથી થતી અવ્યવસ્થાને રોકવા માટે સાકેત તિરાહા ખાતે શૂ સ્ટેન્ડ બનાવવામાં આવશે**

દેહરાદૂન,તા. ૨૯

આ વખતે ચારધામ યાત્રાને વ્યવસ્થિત અને સુરક્ષિત બનાવવા માટે વહીવટીતંત્રે બદ્રીનાથ ધામમાં ઘણી નવી વ્યવસ્થાઓ લાગુ કરી છે. મંદિર પરિસરમાં વીડિયો કોલિંગ અને ફોટોગ્રાફી પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. જો તેનું ઉલ્લંઘન કરવામાં આવશે તો ભક્તો પર ૫૦૦૦ રૂપિયાનો દંડ વસૂલવામાં આવશે. સોમવારે જિલ્લા મેજિસ્ટ્રેટ ડૉ.સંદીપ તિવારીએ પ્રવાસ વ્યવસ્થા અંગે બેઠક યોજી હતી અને તમામ સંબંધિત અધિકારીઓ અને હિતધારકો સાથે ચર્ચા કરી હતી. યાત્રાને વધુ સારી બનાવવા માટે બેઠકમાં ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા.

બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે ધામમાં ભક્તોને કાપડના ચપ્પલ અને જાડા મોજાં પહેરવાની સલાહ આપવામાં આવશે. આ માટે હોટલ માલિકોને કાપડના ચંપલ અને મોજાં આપવા સૂચના આપવામાં આવી છે. તેમજ મંદિર પરિસરની આસપાસ ચંપલના ઢગલાથી થતી અવ્યવસ્થાને રોકવા માટે સાકેત તિરાહા ખાતે શૂ સ્ટેન્ડ બનાવવામાં આવશે.

પ્રસાદની દુકાનો પર પણ કંટ્રોલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવશે. મ્હ્ન્રૂઝના સીઈઓ વિજય થાપલિયાલે કહ્યું કે મંદિરની નજીક ભીડ ઓછી કરવા માટે માત્ર એવા લોકોને જ દુકાનો ખોલવાની મંજૂરી આપવામાં આવશે જેઓ છેલ્લા ૨૫-૩૦ વર્ષથી ત્યાં દુકાનો ચલાવી રહ્યા છે.

આ સિવાય પરિવારમાંથી માત્ર એક વ્યક્તિને જ દુકાન ચલાવવાની મંજૂરી આપવામાં આવશે. જિલ્લા મેજિસ્ટ્રેટે નિર્દેશ આપ્યો છે કે આવા સ્થળોની ઓળખ કરવી જોઈએ જ્યાં દુકાનો સ્થાપવા પર સંપૂર્ણ પ્રતિબંધ હશે. મુસાફરોની અવરજવરને સરળ બનાવવા માટે પાંડુકેશ્વરમાં પોલીસ બેરિકેડિંગ વ્યવસ્થામાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે. જિલ્લા મેજિસ્ટ્રેટે આદેશ આપ્યો હતો કે ચમોલીના સ્થાનિક લોકોની તપાસ ન કરવી જોઈએ અને પ્રવાસીઓને હોટલની ક્ષમતા મુજબ આગળ વધવાની મંજૂરી આપવી જોઈએ. યાત્રાના રૂટ પર ટ્રાફિક અને પાર્કિંગની વ્યવસ્થા અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું છે. પોલીસ અધિક્ષક સર્વેશ પંવરે જણાવ્યું હતું કે હોટલ માલિકોએ બુક કરેલા વાહનો માટે પાર્કિંગની વ્યવસ્થા સુનિશ્ચિત કરવી પડશે, અન્યથા ચલણની કાર્યવાહી કરવામાં આવશે.

શ્રદ્ધાળુઓના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને તમામ હોટલોમાં ફરજિયાતપણે ઓક્સિજન કોન્સન્ટ્રેટર રાખવા સૂચના આપવામાં આવી છે. આ સાથે, હોટલ અને સંસ્થાઓમાં ૧૩ ભાષાઓમાં જારી કરાયેલા સ્વાસ્થ્ય સલાહના ઊઈ કોડ પ્રદર્શિત કરવાની સૂચના પણ આપવામાં આવી છે.આ વખતે મંદિર દર્શન માટે સ્લોટ સિસ્ટમ લાગુ કરવામાં આવી છે. નિર્ધારિત સમયે દર્શન માટે શ્રદ્ધાળુઓને ટોકન આપવામાં આવશે, જે ISBT, BRO ચોક અને માના પાસ સહિત વિવિધ સ્થળોએ ચેક કરવામાં આવશે. પ્રવાસન અધિકારી બ્રિજેન્દ્ર પાંડેએ જણાવ્યું હતું કે ગૌચર અને પાંડુકેશ્વરમાં પણ ટ્રાવેલ રજિસ્ટ્રેશનનું કડક ચેકિંગ કરવામાં આવશે.

### કે એલ રાહુલે ભારત માટે

# ચોથા ક્રમે બેટિંગ અને કીપિંગ કરવું જોઈએઃ કેવીન પીટરસન

**ભારતીય ટીમમાં કીપર-બેટ્સમેનના સ્થાન માટે રાહુલ સામે અન્ય દાવેદારો છે પણ રાહુલ શ્રેષ્ઠ છે**

મુંબઈ, તા.૨૯

ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન અને આઈપીએલમાં દિલ્હી કેપિટલ્સની ટીમના મેન્ટર કેવીન પીટરસનનું માનવું છે કે ભારતીય ક્રિકેટર કે એલ રાહુલ ચોથા ક્રમનો સર્વશ્રેષ્ઠ બેટ્સમેન છે અને તેણે ભારત માટે આગામી ટી૨૦ વર્લ્ડ કપમાં આ જ ક્રમે બેટિંગ કરવા ઉપરાંત વિકેટકીપિંગ કરવું જોઈએ.ભૂતકાળમાં ટી૨૦ ક્રિકેટમાં રાહુલના અભિગમ વિશે સવાલો થતા રહેતા હતા પરંતુ રાહુલે તેના વલણમાં ફેરફાર કર્યો અને વર્તમાન આઈપીએલમાં તે દિલ્હી કેપિટલ્સનો મોખરાનો બેટ્સમેન બની ગયો છે.જોકે ભારતની ટીમમાં વિકેટકીપર-બેટ્સમેનની ભૂમિકા માટેની સ્પર્ધા ઘણી તીવ્ર છે કેમ કે અહીં રાહુલની હરિફાઈમાં રિશભ પંત, સંજુ સેમસન, ધ્રૂવ જુરેલ અને ઈશાન કિશન સામે થઈ રહી છે. આમ પસંદગીકારો પાસે આ માટે ઘણા વિકલ્પો રહેલા છે.૨૦૨૨ના ટી૨૦ વર્લ્ડ કપ બાદ ભારતના ટી૨૦ માળખામાં લોકેશ રાહુલ સેટ થયો નથી પરંતુ પીટરસનનું માનવું છે કે રાહુલે માત્ર તેના પુનરાગમનના સંકેત જ આપ્યા નથી પરંતુ ભારતીય ટીમમાં વિકેટકીપર-બેટ્સમેનની ભૂમિકા માટે તે એકદમ ફિટ બેસે છે.

પીટરસને જણાવ્યું હતું કે ભારતીય ટી૨૦ ક્રિકેટ ટીમમાં હું રાહુલની તરફેણ કરીશ કેમ કે મને લાગે છે કે તમારી પાસે ઓપનર્સના ઘણા વિકલ્પ રહેશે પરંતુ કીપર અને બેટ્સમેનના વિકલ્પ ઓછા છે અને ત્યાં જ રાહુલની જરૂર પડે છે. પરંતુ જે રીતે રાહુલ અત્યારે રમી રહ્યો છે તે જોતાં ચોથા ક્રમ માટે તે મારી પ્રથમ પસંદગી રહેશે. તે ચોથા ક્રમે રમવા ઉપરાંત નેશનલ ટીમ માટે કીપિંગ પણ કરી શકે છે.રવિવારે રાત્રે રમાયેલી આઈપીએલની મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલોર સામે રમતાં દિલ્હી કેપિટલ્સ માત્ર ૧૬૨ રન કરી શક્યું હતું જેમાં રાહુલે ૩૯ બોલમાં ૪૧ રન ફટકાર્યા હતા. અંતે બેંગલોરે ૧૯મી ઓવરમાં જ ટારગેટ વટાવી દીધો હતો. આમ છતાં રાહુલની લડાયક બેટિંગની પ્રશંસા થઈ હતી.તાજેતરના ગાળામાં રાહુલે વન-ડે ક્રિકેટમાં પણ ભારત માટે સારો દેખાવ કરેલો છે. જેનાથી ઈંગ્લેન્ડનો પોતાના સમયનો શ્રેષ્ઠ બેટ્સમેન પીટરસન પ્રભાવિત થયો છે. તેનું માનવું છે કે રાહુલ સકારાત્મક બેટિંગ કરી રહ્યો છે. ગયા વર્ષના મધ્ય ભાગમાં આપણે જોયું હતું કે રાહુલે એક બે મેચમાં સારી બેટિંગ કરીને ભારતને સફળતા અપાવી હતી. તેમાંય આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીમાં દુબઈ ખાતે તેનું પ્રદર્શન ખૂબ સુંદર હતું.આમ તે આગામી ટી૨૦ વર્લ્ડ કપમાં ચોથા ક્રમના બેટસમેન અને વિકેટકીપર તરીકે ભારતીય ટીમમાં એક સ્થાનનો મજબૂત દાવેદાર બની ગયો છે. આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૨૬માં ભારત અને શ્રીલંકામાં સંયુક્તપણે યોજનારો છે.

### પહલગામ આતંકી હુમલા પછી ભારત સાથેની તંગદિલીમાં વધારો થયો

# એલર્ટ છીએ, ભારત ગમે ત્યારે હુમલો કરી શકે છે : ખ્વાજા

**પહલગામ હુમલા પછી સતત ફફડાટમાં રહેલા પાકિસ્તાનના રક્ષામંત્રીનો દાવોઃ જોકે પરમાણુ શસ્ત્રોના હુમલાની ધમકી આપી**

ઈસ્લામાબાદ, તા.૨૯

પહેલગામ આતંકી હુમલા પછી ભારત સાથેની તંગદિલીમાં વધારો થયો છે ત્યારે પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે સોમવારે જણાવ્યું હતું કે ભારત ટૂંક સમયમાં લશ્કરી આક્રમણ કરશે. ઈસ્લામાબાદ હાઈ એલર્ટ પર છે અને જો અમારા અસ્તિત્વ માટે સીધો ખતરો હશે તો અમે પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરીશું. ન્યૂઝ એજન્સીને આપેલા એક ઈન્ટરવ્યૂમાં આસિફે જણાવ્યું હતું કે અમે અમારા લશ્કરી દળોને મજબૂત બનાવ્યાં છે, કારણ કે તે કંઈક એવું છે જે હવે નિકટવર્તી છે. તેથી આવી સ્થિતિમાં કેટલાંક વ્યૂહાત્મક નિર્ણયો લેવા પડશે, તેથી તે નિર્ણયો લેવામાં આવ્યા છે.

ઈસ્લામાબાદ હાઈ એલર્ટ પર છે અને જો અમારા અસ્તિત્વ માટે સીધો ખતરો હશે તો જ અમે પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરીશું. આસિફે જણાવ્યું હતું કે ભારત ઉશ્કેરણીજનક નિવેદનો કરી રહ્યું છે અને પાકિસ્તાની આર્મીએ સરકારને ભારતીય હુમલાની શક્યતા અંગે માહિતી આપી છે. ઈસ્લામાબાદે ગલ્ફ દેશો અને ચીન સહિતના મિત્ર દેશોનો સંપર્ક કર્યો છે તથા બ્રિટન, અમેરિકા અને અન્ય દેશોને પણ પરિસ્થિતિ અંગે માહિતી આપી છે. ખાડીના અમારા કેટલાક મિત્રોએ બંને પક્ષો સાથે વાતચીત કરી છે. અમેરિકા આ બાબતમાં હસ્તક્ષેપ કરવાથી અત્યાર સુધી દૂર રહ્યું છે.ભારત સરકાર જમ્મુ અને કાશ્મીરમાં શાંતિ માટે જોખમી બનેલા પાકિસ્તાન સ્પોન્સર આતંકવાદ સામે નિર્ણાયક કાર્યવાહીની તૈયારી કરી રહી છે ત્યારે આસિફે આ નિવેદન આપ્યું હતું. બીજી તરફ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સોમવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે તેમના સત્તાવાર નિવાસસ્થાન ૭, લોક કલ્યાણ માર્ગ ખાતે મુલાકાત કરી હતી. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે આતંકવાદનો સામનો કરવા માટે લેવામાં આવેલા મહત્ત્વના નિર્ણયો વિશે સંરક્ષણ પ્રધાનને માહિતી આપ્યાના એક દિવસ પછી આ બેઠક યોજાઈ હતી.

વડાપ્રધાન અને સંરક્ષણ પ્રધાનની બેઠકના ત્રણ દિવસ પહેલા સંસદ પરિસરમાં સર્વપક્ષીય બેઠક યોજાઈ હતી, જેમાં રાજનાથ સિંહે હુમલા પછીની સુરક્ષા સ્થિતિ અંગે વિપક્ષોને માહિતગાર કર્યા હતાં. ૨૨ એપ્રિલે પહેલગામ હુમલામાં ૨૬ પ્રવાસીઓના મોત પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદિલી ઊભી થઈ છે. રાષ્ટ્રીય તપાસ એજન્સીની ટીમો ૨૩ એપ્રિલથી હુમલાના સ્થળે તૈનાત છે અને પુરાવા એકત્ર કરી રહી છે. ભારતીય સેનાએ અનેક સર્ચ ઓપરેશન શરૂ કર્યા છે અને જવાબદાર આતંકવાદીઓના સફાયો કરવાની કરવાની કામગીરી કરી રહી છે. ૨૩ એપ્રિલે સુરક્ષા અંગેની કેબિનેટ કમિટીએ સ્થિતિની સમીક્ષા કરી હતી.

### આતંકવાદ વિરૂદ્ધ ઈઝરાયલ ખડેપગે મદદ કરવા તૈયાર

# ઈઝરાયલનું એલાન : ભારતને જે જોઈએ તે બધું આપવા અમે તૈયાર

**પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાની તુલના ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ ઇઝરાયલ પર હમાસના હુમલા સાથે કરી છે**

નવીદિલ્હી,તા.૨૯

પહલગામ આતંકવાદી હુમલા બાદથી ઈઝરાયલ ભારત સાથે સતત સંપર્કમાં છે. ઈઝરાયલે ખુલ્લેઆમ આતંકવાદીઓ સામે ભારતને શક્ય તમામ મદદ કરવાની તૈયારી બતાવી છે. ઈઝરાયલના રાજદૂત રુવેન અઝારે જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાની તુલના ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ ઈઝરાયલ પર હમાસના હુમલા સાથે કરી છે. પહલગામ હુમલા પર ઊંડો શોક વ્યક્ત કરતાં અઝારે કહ્યું કે, હુમલાની ક્રૂરતાએ અમને ૭ ઓક્ટોબરના રોજ ઈઝરાયલ પર થયેલા હુમલાની યાદ અપાવી. પહલગામમાં ધર્મના આધારે લોકોના માથે ગોળી ધરબી દેવામાં આવી. હનીમૂન પર ગયેલા પ્રવાસીઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ એ જ આતંક છે જેમાંથી અમે પણ પસાર થયા છીએ. અમારે ત્યાં પણ તહેવારોની ઉજવણીમાં ઘરોમાં સૂતા નિર્દોષ લોકોને આતંકવાદીઓ દ્વારા મારી નાખવામાં આવ્યા હતા.

રાજદૂતે જણાવ્યું હતું કે, અમે ભારતના આત્મરક્ષણના અધિકારને મજબૂત સમર્થન આપીએ છીએ. પહલગામ હુમલો છેલ્લા બે દાયકામાં નાગરિકો પર થયેલા સૌથી ઘાતક હુમલાઓ પૈકી એક ગણાય છે. ઈઝરાયલ ભારત સાથે ખભેથી ખભા મિલાવીને ઉભું છે અને આતંકવાદ સામેની લડાઈમાં ભારતને શક્ય તમામ મદદ કરવા તૈયાર છે.આગળ કહ્યું કે, 'ભારત જાણે છે કે તેણે શું કરવું. આ સાર્વભૌમત્વનો મામલો છે. દેશના આત્મરક્ષણનો મામલો છે. ભારતને આ હુમલાનો પોતાની રીતે જવાબ આપવાની સંપૂર્ણ સ્વતંત્રતા છે. ભારતે આતંકવાદ સામે તેની મજબૂત નીતિ દર્શાવી છે અને અમે માનીએ છીએ કે ભારત ક્યારેય આતંકવાદ સામે ઝૂકશે નહીં. ઈઝરાયલ આતંકવાદ સામે લડવા માટે ગુપ્તચર, ટેકનોલોજી અને અન્ય ક્ષેત્રોમાં ભારત સાથે સહયોગ આપવા પ્રતિબદ્ધ છે.' વધુમાં અઝારે જણાવ્યું હતું કે, 'અમે ભારતને શું કરવું જોઈએ તે અંગે સલાહ આપવાની સ્થિતિમાં નથી, કારણ કે ભારત સરકાર અને તેની સુરક્ષા એજન્સીઓ સરહદ પારના આતંકવાદનો સામનો કેવી રીતે કરવો તે સારી રીતે જાણે છે. અમે તકનીકી અને ગુપ્તચર સહયોગ દ્વારા ભારત સાથે કામ કરીશું'

૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ ઈઝરાયલમાં સવારે ૬.૩૦ વાગ્યે જ્યારે હમાસના આતંકવાદીઓ આવ્યા, ત્યારે લોકો એક સંગીત ઉત્સવમાં જઈ રહ્યા હતા, ઘણા લોકો પોતાના ઘરમાં હતા,પથારીમાં સૂતા હતા, અને તેઓએ ઊંઘમાં જ મારી નાખવામાં આવ્યા, તેમના પર બળાત્કાર કર્યો અને તેમને સળગાવી દેવામાં આવ્યા હતાં. કુલ ૧૧૧૯ લોકોનો નરસંહાર કર્યો હતો.

અઝારે પાકિસ્તાનની તપાસની માંગ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે, "જો તમે આતંકવાદીઓને આશ્રય આપો છો અને પછી તપાસની માંગ કરો છો, તો તે ખૂબ જ દંભી વાત છે, એક પ્રકારનો ઢોંગ છે. ભૂતકાળમાં પણ, આવા કેસોની તપાસમાં કંઈ પરિણામ આવ્યું નથી. આતંકવાદ હવે ફક્ત મર્યાદિત ક્ષેત્રનો પડકાર નથી રહ્યો પરંતુ તે વૈશ્વિક સમસ્યા બની ગયો છે. રાજદૂતે વિશ્વના તમામ લોકશાહી અને વિચારશીલ દેશોને સાથે મળીને આતંકવાદનો સફાયો કરવાની અપીલ પણ કરી છે.

### નવી શિક્ષણ નીતિને વધુ દૃઢ બનાવવામાં આવી

# નવી શિક્ષણ નીતિ માટે UGCના નવા નિયમો જાહેર

**આ નવા નિયમો અનુસાર કામગીરી કરે, નહીં તો તેમના વિરુદ્ધ ગ્રાન્ટ કાપવા સહિતના પગલાં લેવામાં આવશે**

ગાંધીનગર,તા.૨૯

દેશમાં ૨૦૨૦થી લાગુ કરવામાં આવેલી નવી શિક્ષણ નીતિને હવે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (UGC) દ્વારા વધુ દૃઢ બનાવવામાં આવી છે. અંડર ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએશન અભ્યાસક્રમો માટે 'મિનિમમ સ્ટાન્ડર્ડ રેગ્યુલેશન્સ – ૨૦૨૫' હેઠળ નવા ધારાધોરણો જાહેર કરવામાં આવ્યા છે. યુનિવર્સિટીઓને તાકીદ કરવામાં આવી છે કે આ નવા નિયમો અનુસાર કામગીરી કરે, નહીં તો તેમના વિરુદ્ધ ગ્રાન્ટ કાપવા સહિતના પગલાં લેવામાં આવશે. નવા ધોરણોનો મુખ્ય ઉદ્દેશ નવી એજ્યુકેશન પોલિસીના અમલને સુસંગત અને દેશવ્યાપી બનાવવાનો છે. નવા નિયમો મુજબ, તમામ કોર્સમાં મલ્ટીપલ એન્ટ્રી અને એક્ઝિટ સિસ્ટમ, જનરલ અને વોકેશનલ એજ્યુકેશનના એકીકરણ તેમજ એક વર્ષમાં બે વખત પ્રવેશ જેવા સુધારાઓ અમલમાં આવશે. પ્રવેશ હવે જૂન-જુલાઈ અને જાન્યુઆરી-ફેબ્રુઆરીના મહિનાઓમાં આપવામાં આવશે.

અંડર ગ્રેજ્યુએશનમાં ત્રણ વર્ષના કોર્સ માટે ૧૨૦ ક્રેડિટ અને ચાર વર્ષના ઓનર્સ કોર્સ માટે ૧૬૦ ક્રેડિટ ફરજિયાત રહેશે. ઓનલાઈન, પ્રમાણપત્ર અથવા અન્ય કોર્સની ક્રેડિટ પણ ગણતરીમાં લેવામાં આવશે. ખાસ કરીને "ફાસ્ટ ટ્રેક" અને "એક્સ્ટેન્ડેડ ડિગ્રી" જેવી સુવિધાઓ હવે માન્ય થશે. એટલે કે, વિદ્યાર્થીઓ હવે ૩ વર્ષનો કોર્સ ૫ સેમેસ્ટરમાં પૂરો કરી શકે છે, અથવા ફરજિયાત ક્રેડિટ્સ પૂરા કરી દીધા હોય તો તેઓ સમય પહેલા ડિગ્રી મેળવી શકશે. બીજી તરફ, જો કોઈ વિદ્યાર્થી સમયસર અભ્યાસ પૂરું ન કરી શકે તો તેને વધારાના ૧ વર્ષ (અર્થાત્ ૨ સેમેસ્ટર) સુધી સમય મળશે.

રાજ્ય સરકારો માટે ખાસ નોંધપાત્ર બાબત એ છે કે અત્યાર સુધી જે SOPના આધારે કામ ચાલતું હતું, તેને હવે નવી UGC ધોરણો અનુસાર ફરીથી ઘડવાની ફરજ પડી શકે છે. હાલ દરેક રાજ્યની યુનિવર્સિટીઓમાં ૨૦૨૦ની નીતિ અનુસાર જાહેર કરાયેલ SOP મુજબ કામ ચાલી રહ્યું છે. પરંતુ નવા ધોરણોની અમલવારી સાથે હાલની SOP અપૂર્ણ ગણાશે. ઉલ્લેખનીય છે, UGCની ચેતવણી પ્રમાણે, જો કોઈ યુનિવર્સિટી આ નવા નિયમોનું પાલન નહીં કરે તો તેમને મળતી ગ્રાન્ટ કાપી લેવાશે અને આવશ્યક હોય તો વધુ કડક પગલાં પણ લેવામાં આવશે.

### પાકિસ્તાન સતત ગોળીબાર કરી રહ્યું છે

# પાકિસ્તાને સતત પાંચમા દિવસે યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું

**પાકિસ્તાને ૨૭-૨૮ એપ્રિલની રાત્રે કુપવાડા અને પૂંચ જિલ્લાના વિસ્તારોમાં નાના હથિયારોથી ગોળીબાર કર્યો હતો સેનાએ પણ આનો જવાબ આપ્યો હતો**

જમ્મુ,તા.૨૯

પહલગામ આતંકવાદી હુમલાપછી ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવની અસર સરહદ પર જોઈ શકાય છે. પાકિસ્તાન છેલ્લા કેટલાક દિવસોથી જમ્મુ અને કાશ્મીરને અડીને આવેલી સરહદ પર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરી રહ્યું છે. ભારતીય સેનાએ મંગળવારે જણાવ્યું હતું કે ૨૮-૨૯ એપ્રિલની રાત્રે, પાકિસ્તાની સેનાએ કુપવાડા અને બારામુલ્લા જિલ્લાઓ તેમજ અખનૂર સેક્ટરમાં નિયંત્રણ રેખા પાર નાના હથિયારોથી કોઈ ઉશ્કેરણી વિના ગોળીબાર કર્યો હતો. ભારતીય સેનાએ ઉશ્કેરણીનો અસરકારક રીતે જવાબ આપ્યો હતો.

આ પહેલા, પાકિસ્તાને ૨૭-૨૮ એપ્રિલની રાત્રે કુપવાડા અને પૂંચ જિલ્લાના વિસ્તારોમાં નાના હથિયારોથી ગોળીબાર કર્યો હતો. સેનાએ પણ આનો જવાબ આપ્યો હતો. ભારતીય સેનાના અધિકારીઓએ સોમવારે એક અખબારી નિવેદનમાં જણાવ્યું હતું કે પુલવામા પછી જમ્મુ અને કાશ્મીરમાં થયેલા સૌથી ઘાતક હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ઘણો વધી ગયો છે. પાકિસ્તાની સેના સતત યુદ્ધવિરામ કરારોનું ઉલ્લંઘન કરી રહી છે. આપને જણાવી દઈએ કે ભારત અને પાકિસ્તાન વચ્ચેનો યુદ્ધવિરામ કરાર ફેબ્રુઆરી ૨૦૨૧ થી અમલમાં છે.

આપને જણાવી દઈએ કે ૨૨ એપ્રિલના રોજ, જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં પોતાના પરિવાર સાથે રજાઓ ગાળવા ગયેલા ૨૬ લોકોને પાકિસ્તાન સમર્થિત આતંકવાદીઓએ ગોળી મારી હતી. આતંકવાદીઓએ તેમની ધાર્મિક ઓળખ જાણીને તેમને ગોળી મારી હતી. મૃતકોમાં ૨૫ ભારતના અને એક નેપાળના નાગરિક હતા. ભારતીય ગુપ્તચર એજન્સીઓએ આ હુમલા માટે પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા જૂથ સાથે સંકળાયેલા કાર્યકરોને દોષી ઠેરવ્યા છે.

આ ઘાતક હુમલાને ધ્યાનમાં રાખીને, ભારતે સિંધુ જળ સંધિને સ્થગિત કરવા સહિત અનેક રાજદ્વારી પગલાંની જાહેરાત કરી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે આતંકવાદીઓ અને કાવતરાખોરોને યોગ્ય જવાબ આપવામાં આવશે. અટારી-વાઘા સરહદ પણ બંધ કરી દેવામાં આવી છે.

### પેગાસસ કેસ

# રાષ્ટ્રીય સુરક્ષા અને અખંડિતતા સાથે સંકળાયેલા કોઈ અહેવાલ જાહેર નહીં થાય

**રાષ્ટ્રીય સુરક્ષા અને સાર્વભૌમત્વના મુદ્દે પેગાસસનો કોઈ રિપોર્ટ સાર્વજનિક કરવામાં આવશે નહીં**

નવી દિલ્હી,તા.૨૯

પેગાસસ સ્પાયવેર દ્વારા જાસૂસી સાથે જોડાયેલા મામલાની સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે મોટી ટિપ્પણી કરી છે. કોર્ટે કહ્યું કે જો સ્પાયવેરનો ઉપયોગ થઈ રહ્યો છે તો તેમાં ખોટું શું છે. આ સાથે કોર્ટે એમ પણ કહ્યું છે કે રાષ્ટ્રીય સુરક્ષા અને સાર્વભૌમત્વના મુદ્દે પેગાસસનો કોઈ રિપોર્ટ સાર્વજનિક કરવામાં આવશે નહીં. બાર અને બેંચના રિપોર્ટ અનુસાર, આ કેસની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું, "આપણે એક વાત સ્પષ્ટ કરીએ કે સ્પાયવેર રાખવામાં કોઈ સમસ્યા નથી. અમે રાષ્ટ્રની સુરક્ષા સાથે સમાધાન કરી શકીએ નહીં. હા, પ્રશ્ન એ હોઈ શકે છે કે તેનો ઉપયોગ કોની વિરુદ્ધ થઈ રહ્યો છે. જો તેનો ઉપયોગ નાગરિક સમાજના વ્યક્તિ વિરુદ્ધ થઈ રહ્યો છે, તો આ મામલાને ધ્યાનમાં લેવામાં આવશે."

જસ્ટિસ સૂર્યકાન્ત અને એન કોટીશ્વર સિંહની ડિવિઝન બેંચ ભારત સરકાર દ્વારા પત્રકારો, ન્યાયાધીશો, કાર્યકર્તાઓ અને અન્યોની જાસૂસી કરવા માટે પેગાસસ સ્પાયવેરનો ઉપયોગ કરવાનો આરોપ લગાવતી અરજીઓની સુનાવણી કરી રહી હતી. દેશમાં ચાલી રહેલી સુરક્ષાની સ્થિતિનો ઉલ્લેખ કરતા કોર્ટે ટિપ્પણી કરી હતી કે આ સમયે દરેક વ્યક્તિએ સાવધાન રહેવું જોઈએ.જ્યારે એક વકીલે દલીલ કરી કે જો સ્પાયવેર ખરીદવામાં આવ્યું હોય તો તેનો ઉપયોગ કરતા સરકારને કોઈ રોકી શકાતી નથી, કોર્ટે કહ્યું, "જો દેશ તે સ્પાયવેરનો ઉપયોગ વિરોધી તત્વો સામે કરી રહ્યો હોય તો તેમાં ખોટું શું છે? સ્પાયવેર હોય તેમાં કંઈ ખોટું નથી. અમે દેશની સુરક્ષા સાથે બાંધછોડ અને બલિદાન આપી શકીએ નહીં."

અરજદારોનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે કહ્યું કે હવે કોર્ટ પાસે પુરાવા અને વોટ્સએપ પુરાવા છે. સિબ્બલે કહ્યું કે સમિતિનો સંશોધિત રિપોર્ટ ઓછામાં ઓછો અરજદારોને આપી શકાય. જો કે, કોર્ટે કહ્યું, "તે એક ઉદ્દેશ્યપૂર્ણ પ્રશ્ન જવાબનો પ્રકાર હોઈ શકે છે. તમે પૂછી શકો છો કે હું ત્યાં છું કે નહીં. અમે હા કે નામાં જવાબ આપી શકીએ છીએ."

ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટમાં ઘણી અરજીઓ પેન્ડિંગ છે. આમાં પેગાસસ સ્પાયવેરનો ઉપયોગ ભારત સરકાર દ્વારા તેમના મોબાઈલ ફોન જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણોને સંક્રમિત કરીને તેમની જાસૂસી કરવા માટે કરવામાં આવ્યો હોવાના આરોપની તપાસની માંગણીઓનો સમાવેશ થાય છે.

### એક લાખ કરોડના બિઝનેસ પર થશે અસર

# CAITએ પાકિસ્તાન સાથેની તમામ બિઝનેસ ડીલ રદ કરી

**ભુવનેશ્વરમાં યોજાયેલી કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સની અખિલ ભારતીય બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો**

ભુવનેશ્વર,તા.૨૯

ભારતના વેપારીઓના સૌથી મોટા સંગઠન કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સએ નિર્ણય લીધો છે કે તે પહેલી મેથી પાકિસ્તાન સાથે કોઈપણ વેપાર કરાર કરશે નહીં. આ ઉપરાંત અત્યાર સુધી થયેલા તમામ કરારો રદ કરવામાં આવશે. ભુવનેશ્વરમાં યોજાયેલી કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સની અખિલ ભારતીય બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

કોન્ફિડન્સ ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સના દેશભરમાં લગભગ ૯ કરોડ વેપારી સભ્યો છે. સમિતિના અધ્યક્ષ બી.સી. ભારતીયાએ જણાવ્યું હતું કે, 'ભુવનેશ્વરમાં યોજાયેલી બેઠકમાં તમામ રાજ્યોના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. જેમાં પાકિસ્તાન સાથેના તમામ વ્યાપારિક સોદાઓ સમાપ્ત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પાકિસ્તાનના ઉદ્યોગપતિઓ CAT દ્વારા લગભગ ૧ લાખ કરોડ રૂપિયાનો વ્યવસાય કરે છે.'

અહેવાલો અનુસાર, ભારતીય વેપારીઓ પાકિસ્તાન સાથે ખાંડ, સિમેન્ટ, લોખંડ, વાહનના ભાગો, ઈલેક્ટ્રિકલ સામાનનો વ્યવસાય કરે છે, પરંતુ હવે તેમણે નિર્ણય લીધો છે કે તેઓ પહેલી મેથી આ વ્યવસાય નહીં કરે. વેપારીઓ ટૂંક સમયમાં આ અંગે વડાપ્રધાન કાર્યાલય, નાણાં પ્રધાન કાર્યાલય, વાણિજ્ય મંત્રાલયને જાણ કરશે. એક તરફ સરકારે પાણી પુરવઠો બંધ કરી દીધો છે, બીજી તરફ વેપારીઓ પણ પોતાને દેશના સૈનિક માને છે, જેના અંતર્ગત તેમણે પાકિસ્તાન સાથે વેપાર સંબંધો તોડવાનો નિર્ણય લીધો છે, આ નિર્ણય પાકિસ્તાનને આર્થિક રીતે પણ નબળું પાડશે. કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ અનુસાર, ભારતીય વેપારીઓ પાકિસ્તાનથી ડ્રાયફ્રુટ્સની માંગ કરે છે, પરંતુ તે વિસ્તારમાં વ્યવસાય કરતા વેપારીઓએ તેમને કહ્યું કે તેઓ બધા કરાર રદ કરશે.

નોંધનીય છે કે વર્ષ ૨૦૧૯માં પુલવામા આતંકવાદી હુમલા પછી, ભારત અને પાકિસ્તાન વચ્ચેના વેપાર સંબંધોમાં કડવાશ આવી ગઈ હતી. પરિણામે બંને દેશો વચ્ચેનો વેપાર ભારે ઘટી ગયો છે, જે ૨૦૧૮માં આશરે ૩ બિલિયન ડોલરનો વાર્ષિક વેપાર હતો જે ૨૦૨૪માં ૧.૨ બિલિયન ડોલર થયો છે.

### છોકરીની માતાએ પણ છોકરા સાથે વાત કરવાનું શરૂ કર્યું

# યુપીમાં વધુ એક સાસુ તેના થનારા જમાઈ સાથે ભાગી ગઈ

**બૌલિયા વિસ્તારમાં રહેતા એક છોકરાની સગાઈ ચાર મહિના પહેલા ગોંડા જિલ્લાના એક ગામની છોકરી સાથે થઈ હતી**

લખનૌ,તા.૨૯

બૌલિયા વિસ્તારમાં રહેતા એક છોકરાની સગાઈ ચાર મહિના પહેલા ગોંડા જિલ્લાના એક ગામની છોકરી સાથે થઈ હતી. આ પછી બંને વચ્ચે વાતચીત શરૂ થઈ, પરંતુ આ સમય દરમિયાન છોકરીની માતાએ પણ છોકરા સાથે વાત કરવાનું શરૂ કર્યું.

જેમ અલીગઢમાં સાસુ તેના થનારા જમાઈ સાથે ભાગી ગઈ, તેવી જ રીતે યુપીના બસ્તીમાં પણ આવો જ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહીં પણ એક મહિલા તેના થનારા જમાઈ સાથે ભાગી ગઈ. આ ઘટના બસ્તીના દુબૌલિયા પોલીસ સ્ટેશન વિસ્તારની છે. પરિવારની માહિતી પર પોલીસે છોકરા અને સ્ત્રીની શોધ શરૂ કરી છે.દુબૌલિયા વિસ્તારમાં રહેતા એક છોકરાની સગાઈ ચાર મહિના પહેલા ગોંડા જિલ્લાના એક ગામની છોકરી સાથે થઈ હતી. આ પછી બંને વચ્ચે વાતચીત શરૂ થઈ, પરંતુ આ સમય દરમિયાન છોકરીની માતાએ પણ છોકરા સાથે વાત કરવાનું શરૂ કર્યું. શરૂઆતમાં પરિવારના સભ્યોને આ અંગે કોઈ શંકા નહોતી, પરંતુ ધીમે ધીમે વાતચીતનો સમય વધતો ગયો અને વર્તનમાં ફેરફાર જોઈને પરિવારના સભ્યોને શંકા ગઈ. પરિવારના સભ્યોના જણાવ્યા અનુસાર, જ્યારે આ મામલો પ્રકાશમાં આવ્યો, ત્યારે છોકરીના પરિવારે છોકરા સાથેની પુત્રીનો સંબંધ તોડી નાખ્યો. આ પછી, છોકરીનો સંબંધ બીજી જગ્યાએ નક્કી થયો. મે મહિનામાં લગ્નની તારીખ નક્કી થઈ, જોકે છોકરા અને સ્ત્રી વચ્ચે વાતચીત રાબેતા મુજબ ચાલુ રહી. એવો આરોપ છે કે ત્રણ દિવસ પહેલા છોકરો તેની થવાની સાસુ સાથે ઘરેથી ભાગી ગયો હતો.

પરિવારે પહેલા જાતે શોધખોળ કરી, પરંતુ કોઈ સુરાગ ન મળતાં પોલીસમાં ફરિયાદ નોંધાવી. પોલીસ યુવકના ઘરે પણ પહોંચી પરંતુ તે ત્યાં પણ મળ્યો ન હતો. પોલીસનું કહેવું છે કે બંનેની શોધખોળ ચાલી રહી છે અને ટૂંક સમયમાં જ તેમને શોધી કાઢવામાં આવશે. યુવક અને મહિલાને શોધવા માટે ટીમો બનાવવામાં આવી છે. મોબાઈલ લોકેશન શોધવામાં આવી રહ્યા છે અને શક્ય છુપાયેલા સ્થળો પર દરોડા પાડવામાં આવી રહ્યા છે.

બસ્તીમાં બનેલી આ ઘટના અલીગઢમાં થયેલા તાજેતરના કેસ જેવી જ છે. ત્યાં પણ એક મહિલા તેના થવાના જમાઈ સાથે ભાગી ગઈ હતી. ત્યાં પણ સગાઈ પછી છોકરીની માતા અને જમાઈ વચ્ચે વાતચીત શરૂ થઈ, જે પાછળથી પ્રેમ સંબંધમાં ફેરવાઈ ગઈ. અલીગઢ કેસની જેમ, બસ્તીમાં પરિવાર અને સમાજ પણ ભારે શરમનો સામનો કરી રહ્યો છે. સ્થાનિક લોકોમાં આ ઘટના અંગે અનેક પ્રકારની ચર્ચાઓ ચાલી રહી છે. પોલીસનું કહેવું છે કે ટૂંક સમયમાં કેસ ઉકેલાઈ જશે અને બંનેને રિકવર કરવામાં આવશે. હાલમાં બંનેના મોબાઈલ નંબર પણ બંધ હોવાનું કહેવાય છે, જેના કારણે તેમનું લોકેશન ટ્રેસ કરવામાં મુશ્કેલી પડી રહી છે.

## પીએમના નિવાસસ્થાને હાઈ લેવલ મિટિંગ, NSA-CDS સહિત ત્રણેય દળોના વડાઓ હાજર

**આ બેઠકમાં NSA, CDS અને ત્રણેય સેનાના વડાઓ સામેલ થયા છે આ બેઠકમાં રક્ષા મંત્રી પણ હાજર છે**

નવીદિલ્હી,તા.૨૯

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષસ્થાને તેમના નિવાસસ્થાને એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ રહી છે,

જેમાં રક્ષા મંત્રી રાજનાથ સિંહ, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ સહિત ત્રણેય સેનાના વડાઓ પણ હાજર છે.

આ બેઠક પ્રધાનમંત્રીના નેતૃત્વ હેઠળની સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિના એક દિવસ પહેલા થઈ રહી છે, જે રાષ્ટ્રીય સુરક્ષા બાબતો પર સરકારની સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થા છે. માનવામાં આવી રહ્યું છે કે આ બેઠકમાં ગયા અઠવાડિયે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછીની પરિસ્થિતિ અને જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા સ્થિતિની સમીક્ષા કરવામાં આવશે.

# લીલીયા : પોલીસ દ્વારા વ્યાજખોરી સામે પીઆઈ ગીડાનાં અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો






લીલીયા પોલીસ દ્વારા વ્યાજખોરો સામે ઝુંબેશ ઉઠાવવામાં આવેલ છે જેમાં લીલીયા પોલીસ સ્ટેશનના પીઆઈ આઈ.જે. ગીડા દ્વારા વ્યાજખોરી નાબુદી ઝુંબેશના ભાગરૂપે બેઠકનું આયોજન લીલીયા પોલીસ સ્ટેશન ખાતે કરવા માં આવ્યું. જેમાં નાગરિકોને વિનંતી કરવામાં આવી કે, અમરેલી જીલ્લા પોલીસ દ્વારા વ્યાજખોરી નાબુદી ઝુંબેશ ચલાવવામાં આવી છે. જેથી આપ ભોગ બનનાર હોઈ અને આપની પાસેથી સરકાર દ્વારા નિયત કરેલ વ્યાજદર થી વધુ વ્યાજદર વસુલવામાં આવતુ હોય તો નજીકના પોલીસ સ્ટેશન, નીચેની કચેરીએ રૂબરૂ/ટપાલથી નામજોગ ફરિયાદ આપી શકો છો અથવા અમરેલી જિલ્લા પોલીસના કંટ્રોલરૂમ નંબર ૧૦૦/૦૨૭૯૨–૨૨૩૪૯૮ પર જાણ કરી શકો છો. આપની ફરિયાદ પર યોગ્ય તપાસ કરી, ગુન્હો દાખલ કરી અને કડક કાર્યવાહી કરવામાં આવશે. વધુમાં જરૂર જણાય તો આવા નાણા ધીરધાર સામે પાસા સુધીની પણ કાર્યવાહી કરવામાં આવશે. નાણા ધીરધાર વ્યકિત/પેઢી વાર્ષિક ૧૫% વ્યાજદર (કોઈપણ જાતની સીકયુરીટી વગર આપેલ લોન) અને વાર્ષિક ૧૨% વ્યાજદર (સીકયુરીટી લઈને આપેલ લોન) વસુલ કરી શકે છે. નાણા ધીરધાર કોઈપણ વ્યકિત લાયસન્સ વગર વ્યાજે નાણા આપી શકતા નથી સાથે સાથે સરળતાથી લોન મળી રહે તે માટે સહકારી બેંક તેમજ મંડળીના મેનેજરોને આ બેઠકમાં બોલાવી લોકોને કઈ રીતે સરળતાથી લોન મળી રહે તે માટે સેમિનારનું પણ આયોજન કરવામાં આવ્યું. સાથે સાથે ઓન લાઈન થતા ફ્રોડ બાબતે સાયબર અવર્નેસ કાર્યક્રમ યોજવામાં આવેલ. જેમાં પીઆઈ આઈ.જે. ગીડા દ્વારા સાયબર ક્રાઈમ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું જેમાં લગ્ન કંકોત્રી જેવી એપ તેમજ ઓનલાઈન બિલ માટે આવતા કોલ બાબત સજાગ રહેવું તેમજ જો કોઈ શંકાસ્પદ કોલ અથવા તો એપ્લિકેશન આવે તો તેમનાથી દૂર રહેવું અને સ્થાનિક પોલીસ સ્ટેશનને આ બાબતે જાણ કરવા અપીલ કરાઈ. સાથે સાથે નવા ત્રણ કાયદા જેવા કે (૧) ભારતીય ન્યાય સંહિતા (૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (૩) ભારતીય સાક્ષાય અધિનિય જેવા નવા કાયદા અંગે માહિતી તથા પ્રસાર અને પ્રચાર કરવામાં આવેલ સાથે સાથે આ તકે વિસ્તારમાં અસામાજિક તત્વો લુખ્ખા તત્વોની કોઈ રંજાડ હોય તો તાત્કાલિક સ્થાનિક પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા પણ આ તકે પીઆઈ આઈ.જે. ગીડા દ્વારા અપીલ કરવામાં આવી. આ કાર્યક્રમમાં લીલીયા પોલીસ સ્ટેશનના પીએસઆઈ વાય.એમ. જાડેજા તેમજ મંડળીના મેનેજરો, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીનાં માર્ગ ઉપર છકડો રિક્ષા

ભાડેથી બાંધી અને ખેતીનો સરસામાન લેવા ધારી ગયા હતા. તેઓ રીક્ષામાં બેઠા હતા. ત્યારે ધારી જુના બસ સ્ટેશનથી ચલાલા રોડ ઉપર જતા હતા. ત્યારે નવા એસ.ટી.ડેપોથી થોડા આગળ જતા રોડની સામેની બાજુએ દુકાને જવુ હોય, જેથી રીક્ષા ચલાવનાર જગાભાઈ રબારીએ રીક્ષા સામેની બાજુએ લેતા સામેથી એક ટાટા સુમો જેવી સફેદ કલરની ગર્વમેન્ટ ઓફ ગુજરાત લખેલ સરકારી ગાડી નં. જીજે–૧૪–જીએ–૧૨૬૧ ની પુર ઝડપે આવેલ અને રીક્ષા સાથે ભટકાડી દેતા આ રીક્ષા આડી પડી ગયેલ અને હસુભાઈ દેસાઈને જમણા પગમાં ગોઠણથી નીચે ભાંગી ગયેલ હોય, અને લોહી નિકળેલ હોય તેથી કોઈએ ૧૦૮ને ફોન કરેલ જેથી એમ્બ્યુલન્સ આવતા હસુભાઈ દેસાઈને તેમાં સુવડાવી પ્રથમ ધારી સરકારી દવાખાને લઈ ગયેલ ત્યાંથી વધુ સારવાર માટે ખસેડાયેલ હતા. અને ત્યાં તેમને જમણા પગમાં ઓપરેશન કરી પ્લેટ નાખેલ છે.

આ બનાવ અંગે ટાટા સુમો જેવી સફેદ કલરની ફોર વ્હીલ સરકારી ગાડી નં. જીજે–૧૪–જીએ–૧૨૬૧ ના ચાલક સામે ફરીયાદ આજે સાત દિવસ બાદ ફરિયાદ નોંધાયેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું રાજુલાનાં રાજપરડા ગામે

જમણી આંખના ઉપરના ભાગે નેણ પાસે મારી તથા જમણા પડખામા પાસળીના ભાગે લોખંડનો પાઈપ મારી તથા લાકડીનો ઘા યુવકને નાક ઉપર મારી પાસળીમાં તથા નાકની ડાંડીમા ફેકચર કરી દઈ બાદ થોડીવાર બાદ આરોપી કાળુભાઈ ચાવડાએ આવી યુવકની પત્નીને માથાના ભાગે કુહાડો મારી તથા યુવકના પિતાજીને માથાના ભાગે લાકડુ મારી ગાળો આપી તથા એકબીજા વારા ફરતી આવી યુવક તથા તેમની પત્નિ તથા તેમનાં પિતાજીને ગંભીર ઈજા કરી ફેકચર કરી ગાળો આપ્યાની ફરિયાદ નોંધાય છે.

તો આ બનાવમાં સામાપક્ષે રાજુભાઈ બાઘાભાઈ ચાવડાએ આરોપી સુરેશભાઈ પોપટભાઈ સોલંકી, સુરેશભાઈના સાળા, તેમજ પોપટભાઈ બાલાભાઈ સોલંકી, મનીષાબેન સુરેશભાઈ સોલંકી તથા સવિતાબેન પોપટભાઈ સોલંકી સામે ફરિયાદ નોંધાવતા જણાવેલ છે કે, પોતાના દિકરાને ગામમા વેલનાથ બાપુની જગ્યાએ મોટર સાયકલના કલચ વાયરથી માર મારેલ બાદમાં આરોપી પોતાના ઘરે ફળીયામા આવી લાકડી વડે માથામા મારી તથા જમણા હાથની આંગળી ઉપર તથા સાથળના તથા ડાબા બાવડા ઉપર મારી તથા રાજુભાઈ ચાવડાની પત્નિ તથા માતાને એકએક ઘા મારી ગાળો આપી તથા છરી બતાવી તથા જાનથી મારી નાખવાની ધમકી આપી ગંભીર ઈજા કરી ફેકચર કરી દીધાની સામી ફરિયાદ નોંધાવી છે.

## પાના ૧ ઉપરનું ચાલું જયારે ઘર, મકાન કે દુકાન

પકડવાની ઝુંબેશ હાલ ચાલુ હોય. જેથી આ બાંગ્લાદેશી ઘુસણખોરો રેલવે તથા બસ માર્ગથી નાસી જાય તે પહેલા આ ઘુસણખોરોને આઈડેન્ટીફાઈ કરી, ડીપોર્ટ કરવા અંગેની તાત્કાલીક કાર્યવાહી શરૂ હોય. જે અન્વયે અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા આ ઝુંબેશ બાબતે જિલ્લા ખાતે વધુમાં વધુ કામગીરી કરવા સૂચના આપેલ હોય. જે અનુસંધાને એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેકટર આર.ડી. ચૌધરી તથા એસ.ઓ.જી. ટીમ અમરેલી ટાઉન વિસ્તાર ખાતે રહેતા પરપ્રાંતીય બંગાળી ઈસમોના ડોકયુમેન્ટ ચેકીંગ કામગીરી કરતા હોય. જે દરમ્યાન અલગ અલગ જગ્યા ખાતે ભાડે આપેલ મકાન ચેક કરતા મકાન માલીક દ્વારા પોતાના મકાન ભાડે આપેલ હોય તેવા અને ભાડૂઆત અંગેની વિગત સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે ન કરાવેલ હોય અને જીલ્લા મેજી. દ્વારા ભાડૂઆત નોંધણી કરાવવા જાહેર કરેલ જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ હોય તેવા અમરેલીમાં રહેતા રફીકભાઈ જમાલભાઈ કચરા, હનીફભાઈ ઈસ્માઈલભાઈ મહીડા, મુસ્લીમભાઈ અબ્બાસભાઈ ભારમલ, રફીકભાઈ હબીબભાઈ ડબ્બાવાલા તથા ઈકબાલભાઈ સતારભાઈ અગવાન સહિત પાંચ ઈસમો વિરૂધ્ધ બીએનએસ કલમ–૨૨૩ હેઠળનો ગુનો દાખલ કરી અમરેલી સીટી પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપેલ છે.

## જાહેર નોટિસ

મોજે :– કુંકાવાવ મોટી ગામ, તા. વડિયા–કુંકાવાવ, જિ. અમરેલી

અમો **યોગેશભાઈ ડી.દવે,** (એડવોકેટ એન્ડ નોટરી) આથી આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

| ગામનું નામ | ખાતા નં. | રેવન્યુ સર્વે નં. | હે.આરે. ચો.મી. | આકાર રૂા. | ખાતેદારનં નામ |
|---|---|---|---|---|---|
| કુંકાવાવ મોટી તા.વડિયા–કુંકાવાવ જિ. અમરેલી | ૧૮૪૯ | ૧૩૬/P ૧ | ૦–૪૯–૫૭ | ૩.૭૪ | દેસાઈ વિનુભાઈ છગનભાઈ |
| | ૧૮૫૦ | ૧૩૬/P ૨ | ૦–૪૯–૫૭ | ૩.૬૮ | દેસાઈ રસીકભાઈ છગનભાઈ |
| | ૧૮૪૭ | ૧૩૬ | ૦–૪૯–૫૭ | ૧૧.૧૯ | દેસાઈ ધીરૂભાઈ છગનભાઈ |

ઉપરોકત કોલમ વાળી ખેતીની જમીન અલગ – અલગ સંયુકત અને સંયુકત નામે આવેલ છે, આ ખેતીની જમીન તેમની સંપૂર્ણ માલિકી, બિનબોજાની બિન તકરારી તથા ન દાવા વાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રીએ વેચાણ રાખવાનું નકિક કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ, લાગભાગ, ભાગીદાર, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ–નીપજ,/ ખેતી / ગણોત, લીઝ લાયસન્સ/કબજો ભોગવટો/બાનાખત કે રહેણાંકના કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હકક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ વાંધો–તકરારની જાણ આ નાટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૧૦ (દસ)માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈ જ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગ–ભાગ ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (વેવ) કરેલ છે. તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશ ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તારીખ : ૨૮/૦૪/૨૦૨૫**
**સ્થળ : કુંકાવાવ મોટી**

**યોગેશ ડી.દવે**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**તે અમારા અસીલની સુચનાથી**

**રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર,મુ. કુંકાવાવ મોટી, તા. વડીયા, જિ. અમરેલી.**
**મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૫૦ | ૧૦૦૨ |
| ૨ | શીંગ મોટી | ૬૪૦ | ૧૦૭૦ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૩૫૨ |
| ૪ | તલ સફેદ | ૧૨૦૦ | ૧૯૪૦ |
| ૫ | તલ કાળા | ૨૧૦૦ | ૫૫૦૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૧૯૫ | ૨૧૯૫ |
| ૭ | બાજરો | ૨૩૦ | ૫૧૦ |
| ૮ | જુવાર | ૩૭૦ | ૭૦૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૩૭૦ | ૫૯૮ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૬૧ | ૫૩૬ |
| ૧૧ | મગ | ૫૦૦ | ૧૬૦૦ |
| ૧૨ | ચણા | ૭૦૦ | ૧૦૭૫ |
| ૧૩ | ચણા દેશી | ૧૧૦૦ | ૧૧૯૦ |
| ૧૪ | ચણા સફેદ | ૧૦૦૦ | ૧૧૬૫ |
| ૧૫ | છોલે ચણા | ૧૨૦૦ | ૧૬૬૬ |
| ૧૬ | તુવેર | ૬૦૦ | ૧૩૭૬ |
| ૧૭ | કપાસ | ૭૯૦ | ૧૫૬૧ |
| ૧૮ | એરંડા | ૧૦૦૦ | ૧૧૯૧ |
| ૧૯ | જીરૂ | ૨૮૭૫ | ૪૧૭૫ |
| ૨૦ | રાયડો | ૮૪૦ | ૧૦૧૬ |
| ૨૧ | રાય | ૧૧૯૫ | ૧૨૧૦ |
| ૨૨ | ધાણા | ૧૧૦૦ | ૧૪૨૫ |
| ૨૩ | ધાણી | ૧૦૦૦ | ૧૯૦૦ |
| ૨૪ | અજમા | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૨૫ | મેથી | ૭૧૫ | ૯૩૦ |
| ૨૬ | સોયાબીન | ૪૯૫ | ૮૧૧ |
| ૨૭ | મરચા લાંબા | ૨૧૦ | ૧૫૦૦ |
| ૨૮ | દેશી મરચા | ૨૧૦ | ૨૮૧૦ |
| ૨૯ | કાંગ | ૪૬૭ | ૫૧૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૩૦ | ૧૫૬૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૬૦ | ૧૪૦૦ |
| ૩ | મગફળી | ૯૭૫ | ૧૦૩૫ |
| ૪ | જીરૂ | ૩૮૪૫ | ૪૧૨૫ |
| ૫ | ઘઉં | ૪૭૨ | ૫૨૮ |
| ૬ | ધાણા | ૧૩૩૦ | ૧૪૮૦ |
| ૭ | ચણા | ૧૦૫૨ | ૧૦૭૮ |
| ૮ | એરંડા | ૧૦૭૦ | ૧૧૪૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૦ | ૯૮૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૬૫ |
| ૩ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૦૨૦ |
| ૪ | તલ કાળા | ૪૨૦૦ | ૪૮૦૦ |
| ૫ | જીરૂ | ૩૯૦૦ | ૪૩૫૦ |
| ૬ | કપાસ | ૧૩૦૦ | ૧૪૯૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૧૦ |
| ૯ | બાજરો | ૪૮૦ | ૫૯૦ |
| ૧૦ | જુવાર | ૫૦૦ | ૭૫૦ |
| ૧૧ | ચણા | ૧૦૫૦ | ૧૦૮૨ |
| ૧૨ | તુવેર | ૧૨૦૦ | ૧૩૭૧ |
| ૧૩ | એરંડી | ૧૦૦૦ | ૧૧૭૦ |
| ૧૪ | ધાણા | ૧૩૦૦ | ૧૪૮૦ |
| ૧૫ | સોયાબીન | ૭૫૦ | ૭૮૬ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૯૦૦ | ૯૫૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૮૭ | ૫૦૦ |
| ૩ | ચણા | ૧૦૨૧ | ૧૦૭૧ |
| ૪ | તુવેર | ૧૧૧૧ | ૧૨૫૦ |
| ૫ | ધાણા | ૧૦૦૦ | ૧૨૨૫ |
| ૬ | એરંડા | ૮૧૦ | ૧૧૧૧ |
| ૭ | મેથી | ૮૪૫ | ૮૪૫ |
| ૮ | સોયાબીન | ૭૫૨ | ૭૫૨ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૫૧૧ |
| ૨ | ઘઉં લોકવન | ૪૦૦ | ૪૮૨ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૨૬ | ૫૦૨ |
| ૪ | ચણા | ૮૨૦ | ૧૦૫૦ |
| ૫ | મેથી | ૭૦૦ | ૭૦૦ |
| ૬ | ધાણા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૭ | તલ સફેદ | ૧૪૯૦ | ૧૪૯૦ |
| ૮ | મગફળી | ૭૧૫ | ૮૪૦ |
| ૯ | જીરૂ | ૩૬૯૦ | ૩૬૯૦ |
| ૧૦ | તુવેર | ૧૦૩૦ | ૧૩૦૧ |
| ૧૧ | શીંગદાણા | ૧૦૦૦ | ૧૧૯૦ |
| ૧૨ | સોયાબીન | ૬૩૦ | ૬૩૦ |
| ૧૩ | મકાઈ | ૪૮૦ | ૪૮૦ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૪૧ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૯૬૬ |
| ૨ | તલ સફેદ | ૧૫૦૦ | ૧૭૪૧ |
| ૩ | કપાસ | ૧૧૦૦ | ૧૫૦૮ |
| ૪ | બાજરો | ૪૨૨ | ૫૪૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૮૫ | ૫૧૦ |
| ૬ | જુવાર | ૬૮૦ | ૮૪૦ |
| ૭ | મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| ૮ | તુવેર | ૧૨૦૧ | ૧૩૦૭ |
| ૯ | ચણા | ૯૫૧ | ૧૦૬૩ |
| ૧૦ | રાય | ૯૫૨ | ૧૧૬૧ |
| ૧૧ | ધાણા | ૧૬૭૫ | ૧૬૭૫ |
| ૧૨ | મેથી | ૭૦૦ | ૧૧૫૧ |
| ૧૩ | સોયાબીન | ૭૫૦ | ૮૦૦ |
| ૧૪ | સુવા | ૯૫૦ | ૯૫૦ |
| ૧૫ | અજમા | ૧૫૦૧ | ૧૫૦૧ |

# સાવરકુંડલા પંથકમાં રૂપિયા ૩.૩૮ કરોડનાં ખર્ચે માર્ગોની કામગીરી શરૂ






સાવરકુંડલા તાલુકાના પરિવહન અને ઢાંચાગત વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાનરૂપ બનતા રૂા. ૩.૩૮ કરોડના બે મુખ્ય માર્ગોના વિકાસ કાર્યનો આજ રોજ ધારાસભ્ય કસવાલાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ અંતર્ગત તાલુકાના દોલતીથી મેરીયાણા રોડ (૧૭૦ લાખ) અને લીખાળાથી ભેંકરા રોડ (૧૬૮ લાખ) એમ બે મુખ્ય માર્ગોના નિર્માણ કાર્યની શરૂઆત થઈ છે. આ રસ્તાઓ માત્ર વાહન વ્યવહારને સરળ બનાવશે નહિ, પરંતુ સમગ્ર તાલુકાના વિકસિત અને વ્યવસાયિક પરિવેશને પણ નવું ગતિમાન આપશે. દોલતી–મેરીયાણા અને લીખાળ–ભેકરા જેવા વિસ્તારોમાં રહેવાસીઓ વર્ષોથી આધુનિક માર્ગ સુવિધાની અપેક્ષા રાખતા હતા, જે હવે પરિપૂર્ણ થવા જઈ રહી છે. ખાતમુહૂર્ત પ્રસંગે ધારાસભ્ય કસવાલાએ જણાવ્યું હતું કે, વિજ્ઞાની ગુજરાત માટે ગામડાનો રસ્તો એ વિકાસનું પ્રથમ પગથિયું છે. અમારી પ્રતિબદ્ધતા છે કે સાવરકુંડલા તાલુકાનો સર્વાંગી વિકાસ સુનિશ્ચિત કરીએ. આ માર્ગો ગામો વચ્ચેની દૂરી ઘટાડશે, શાળાગત બાળકો, ખેડૂત મિત્રો અને સ્થાનિક વેપારીઓ માટે મુસાફરી વધુ સરળ બનાવશે. આ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ કાછડીયા, એ.પી.એમ.સી. ચેરમેન દિપકભાઈ માલાણી, જીલ્લા પંચાયતના સિંચાઈ ચેરમેન લાલભાઈ મોર, શરદભાઈ ગેદાની, તાલુકા પંચાયતના ઉપપ્રમુખ પરશોતમભાઈ ઉમટ, તાલુકા ભાજપ પ્રમુખ રજનીભાઈ ડોબરીયા, તાલુકા ભાજપ મહામંત્રી પ્રકાશભાઈ પાનસુરીયા તથા મુકેશભાઈ આદ્રોજા તથા તાલુકા પંચાયતના સદસ્યઓ તથા તાલુકા ભાજપના તમામ હોદેદારઓ તથા સ્થાનિક ગામોના સરપંચઓ, તેમજ ગ્રામજનોએ મોટી સંખ્યામાં હાજરી આપી. બધાએ સરકારના વિકાસલક્ષી અભિગમ અને ધારાસભ્યના પ્રયત્નોને વખાણી હતી. સ્થાનિક નાગરિકો અને આગેવાનોની હાજરીમાં આ કાર્યક્રમ ઉજવાયો હતો અને સર્વે લોકોએ જિલ્લા અને રાજય સરકારના આ પ્રયાસોની સરાહના કરી. તેવુ સત્વ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હીરપરાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# વડિયા : સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો





તસ્વીર : જીતેશગીરી ગોસાઈ–વડીયા

વડિયા સામુહિક આરોગ્ય કેન્દ્ર અને શાંતાબા જનરલ હોસ્પિટલ અમરેલીના સંયુકત ઉપક્રમે વડિયા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવ્યો હતો જેમાં અમરેલી જિલ્લા પંચાયત શાસક પક્ષના નેતા વિપુલભાઈ રાંક, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર, તાલુકા પંચાયત કારોબારી ચેરમેન તુષારભાઈ ગણાત્રા, તાલુકા ભાજપ ઉપપ્રમુખ ગજેન્દ્રભાઈ પટોળીયા, વિરમભાઈ બરાળીયા, ડોકટર ભાર્ગવ વ્યાસ, ઓપરેટર જયેશભાઈ સાવલીયા તથા વડિયા સામુહિક આરોગ્ય કેન્દ્રનો સ્ટાફ અને અમરેલી શાંતાબા જનરલ હોસ્પિટલના ડોકટર સહિતના મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને વડિયા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે બ્લડ ડોનેશન કેમ્પને દિપ પ્રગટાવી ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

### ૧.૫૦ કરોડના ખર્ચે નિર્મિત રામજી મંદિરમાં પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો આરંભ

## અમરેલીના લાપાળિયામાં ભોજન, ભજન, ભકિતનો ત્રિવેણી સંગમ

### નગરયાત્રા નીકળી, રાસ ગરબાની રમઝટ, સેંકડો લોકો ઉમટયા




અમરેલી, તા.૨૯

અમરેલીના લાપાળિયા ગામ સમસ્ત દ્વારા રૂપિયા ૧.૫૦ કરોડના ખર્ચે નવનિર્મિત રામજી મંદિરમાં પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો ભવ્ય આરામ થયો છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે સેંકડો ઉમટી પડયા હતા. પ્રથમ દિવસે ભવ્ય નગરયાત્રા, રાસ ગરબા સહિતના કાર્યક્રમો યોજાયા હતા. નિદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

અમરેલીના લાપાળિયા ગામ સમસ્ત દ્વારા પુજારી હરિરામ બાપુના સ્મરણ માટે કથાકાર મોરારીબાપુએ જાતે સવા લાખનું દાન આપીને શરૂઆત કરાવ્યા બાદ રૂ.૧.૫૦ કરોડના ખર્ચે ૮૦ વર્ષ જૂના મંદિરના સ્થાને નવા રામજી મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ મંદિરમાં પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો ભવ્ય રીતે આરંભ થયો છે. ગામમાં ધજા પતાકાઓના શણગાર કરાયા છે. સવારે હેમાદ્રી પ્રયોગ દ્વારા કાર્યક્રમની શરૂઆત કરાયા બાદ ગણપતિ પૂજન અને સ્થાપિત દેવતાઓનું પૂજન તથા નવગ્રહ સ્થાપન અને પૂજન તથા યજ્ઞ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં એક સાથે ૭૦ ઉપર ૭૦ યુગલો દ્વારા બેસીને પૂજાની વિધિ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત સાવરકુંડલાની લલુભાઈ શેઠ હોસ્પિટલ દ્વારા ગ્રામજનો માટે પ્રથમ દિવસે નિશુલ્કા સર્વરોગ નિદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેનો દર્દીઓએ લાભ લીધો હતો. ત્રણેય દિવસ સુધી સતત ૨૪ કલાક અનલિમિટેડ શરબતનું વિતરણ કરવામાં આવે છે. ત્રણે દિવસ ગામ ધુમાડા બંધ છે અને હિન્દુ મુસ્લિમ બ્રાહ્મણો અને દલિતો પણ એક જ પંગતમા ભોજન લઈ રહ્યા છે અને કોમી તથા જ્ઞાતિઓની એકતાનું અનોખું વાતાવરણ જોવા મળી રહ્યું છે. બપોર બાદ રામ દરબારની મૂર્તિઓની ભવ્ય નગરયાત્રા વાંચતે ગાજતે ગામમાં નીકળી હતી. તેમાં ખૂબ મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. રાત્રિના સમયે ભવ્ય રાસ ગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગામના વ્યકિતઓ ગરબે ઘુમ્યા હતા.

આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે સુરત, અમદાવાદ, વડોદરા સહિતના વિસ્તારમાં સ્થાયી થયેલા ગામના સેકડો લોકો પોતાના વતનમાં ઉમટી પડયા છે. તા.૩૦ના સવારે ૯:૩૦ કલાકે લલુભાઈ શેઠ હોસ્પિટલ સાવરકુંડલાના સહયોગથી બપોરે ૧૨:૩૦ સુધી રકતદાન કેમ્પનું આયોજન કરાયું છે. રાતના ભવ્ય લોકડાયરામાં કથાકારો માયાભાઈ આહિર, કીર્તિદાન ગઢવી વગેરે ધૂન ભજન અને લોકસાહિત્યની રમઝટ બોલાવશે. આ કાર્યક્રમમાં અનેક સંતો મહંતો અને રાજકીય મહાનુભાવો પણ ઉપસ્થિત રહેવાના છે.

## મીઠાપુર(ડુંગરી) ખાતે શ્રી વિહોત માના નવરંગ માંડવાનું આયોજન



ચલાલા, તા. ૨૯

ચલાલા પાસેના મિઠાપુર(ડુંગરી)ગામમાં ધોળવા ટાંક પરીવારના આંગણે ટાંક પરીવારના વિહોત માતાજીના ચોવીસ કલાક રૂડા નવરંગ માડવાનું તા. ૨૯/૪ મંગળવારના દિવ્ય આયોજન કરવામા આવેલ છે.ટાંક પરીવારના વિહોત માતાજીના નવરંગ માંડવા મોટી સંખ્યામાં ભુવાઓ અને બારોટો ઉપસ્થિત રહી માતાજીના ડાક ડમરૂની રમઝટ બોલાવી માતાજીના ખુબ ભાવથી ગુણગાન ગાશે. વિહોત માતાજીના મંડપ ઉત્સવમા તા. ૨૯ સવારના સાત કલાકે થાંભલી રોપણ, સવારે દસ કલાકે માતાજીના સામૈયા, બપોરના બાર કલાકે અને સાંજે સાત કલાકે માતાજીનો મહા ભોજન પ્રસાદ તેમજ રાત્રી નવ કલાકથી માતાજીના ગુણગાન સહીતના ધાર્મિક કાર્યક્રમો ખુબ જ ભકિતમય વાતાવરણ ઉજવાશે. માતાજી મંડપના દર્શનનો અને માતાજીનો પ્રસાદ તેમજ માતાજીના ગુણગાન ગાવાનો અમુલ્ય લ્હાવો લેવા ચલાલા–મીઠાપુરના સમસ્ત ભાવીક ભકતજનોને ટાંક પરીવાર વતી વિશાલભાઈ, મોહિતભાઈ અને બાલુભાઈ બચુભાઈ ટાંકે જાહેર નિંમત્રણ પાઠવેલ છે. તેમ પત્રકાર પ્રકાશ કારીયાએ જણાવેલ છે.

## દામનગર ખાતે પર્યાવરણ પ્રેમીઓ દ્વારા વૃક્ષોની પ્રેરણાદાયી માવજત



દામનગર, તા. ૨૯

દામગનર મનુષ્યની ફરજ છે કે વૃક્ષોનું વધુમાં વધુ રોપણ કરી તેમની માવજત કરી, નિયમિત પણે તેઓનું દયાન રાખવામાં સમયનું યોગદાન આપવામાં આવે તો, હાલ જે સ્થિતિનું નિર્માણ થયું છે તેને કારણે માનવ અને પ્રાણીઓની હાલત થઈ છે, તેમાં મહદ્ અંશે ઘટાડો થઈ શકે તેમાં કોઈ શંકા નથી, નથી, ને નથી હાલનાં સમયે એક જ સંકલ્પ સૌએ સાથે મળીને લેવો જોઈએ, વૃક્ષોનું જતન અને ખેવના રાખવી, તે દ્રષ્ટિકોણ અને સંકલ્પનાં આધારે દામનગર શહેરનાં યુવાનોએ જીવનનો આધાર – પાણી અને વૃક્ષો ( નો સમજદારી પૂર્વક ઉપયોગ અને જતન કરવા)ની અમૂલ્યતા સમજીને પોતાની દુકાનોની સામે આવેલ ડિવાઈડરમાં રહેલ વૃક્ષોને નિયમિત પાણી પીવરાવવાનું શરૂ કરતાં, આ સરાહનીય કાર્યની પ્રશંસા કરવામાં આવી રહી છે.

## ધારીની ઈવા ચાવડા કરાટે સ્પર્ધામાં ૩જા સ્થાને



અમરેલી, તા. ૨૯

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગુજરાત સરકાર દ્વારા આયોજીત ખેલ મહાકુંભ અંતર્ગત રાજય કક્ષાની કરાટે હરીફાઈઓનું આયોજન આણંદ મુકામે ગત તારીખ ૨૫/૪/૨૫ના રોજ યોજવામાં આવેલ હતું. જેમાં આ સ્પર્ધામાં અંડર ૧૭ વય જુથ (બહેનો) અંતર્ગત ધારીના સીનીયર એડવોકેટ અને નોટરી આનંદ ચાવડાની સુપુત્રી ઈવા ચાવડાએ ભાગ લીધેલ હતો જેમાં ઈવા ચાવડાએ રાજયકક્ષાએ ત્રીજું સ્થાન મેળવેલ છે. તેમજ ગુજરાત સરકાર દ્વારા પ્રોત્સાહિત પુરસ્કાર મેળ વેલ છે.

ઉલ્લેખનીય છે કે કરાટે સ્પર્ધામાં આગવી પ્રતિભા ધરાવનાર ઈવા ચાવડાએ ભૂતકાળમાં પણ ઘણી બધી કરાટે સ્પર્ધાઓમાં સફળતા મેળ વેલ છે.

આ સ્પર્ધામાં ઈવાના માર્ગદર્શન અને કોચ હદીસાબેન મહેતર તથા રિધ્ધિબેન મહેતા દ્વારા સંપુર્ણ ટ્રેનીંગ આપવામાં આવેલ હતી.

## ટીંબી : શ્રી નિદોષાનંદજી હોસ્પિટલને રૂપિયા ૧૧ લાખનું અનુદાન અર્પણ



ટીંબી, તા. ૨૯

ટીંબી સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, (જી. ભાવનગર)ની સુવાસ સાંભળી રાજકોટ સ્થિત સૌરાષ્ટ્રના સૌપ્રથમ કેન્સર સર્જન ડોકટર મનોજ મહેતા તથા રાજનભાઈ મથુરિયા – મુંબઈની એ તા. ૮/૪/૨૦૨૫નાં રોજ હોસ્પિટલમાં દર્દીનારાયણ સારવાર અર્થે રૂપિયા અગીયાર લાખ ચાર હજાર પુરાનું અનુદાન અર્પણ કરેલ છે. તેઓનું હોસ્પિટલનાં ઉપપ્રમુખ બી.એલ. રાજપરા અને એડમીન પ્રશાંતભાઈ પંડયા દ્વારા સદ્ગુરૂદેવના ‘ જીવનચરિતામૃત’ ગ્રંથ અને શાલ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવેલ.

અત્રે ઉલ્લેખનીય છે કે ડો. મનોજ મહેતાએ ભવિષ્યમાં કેન્સર વિભાગ શરૂ કરવામાં આવે તો સેવા માટેની તૈયાર પણ દર્શાવી છે. હોસ્પિટલ ટ્રસ્ટીમંડળે ડો. મનોજ મહેતા સાહેબ તથા તેમનાં પરીવારજનોનો હદયપૂર્વકનો આભાર વ્યકત કરેલ છે.

### ૩૦ એપ્રિલ એટલે ‘‘અખાત્રીજ’’નો શુભ દિવસ

## અખાત્રીજના દિવસનું મહત્વ અને આ દિવસે કયા શુભ કાર્યો કરવા




અમરેલી, તા.૨૯

વૈશાખ મહિનાની શુકલ પક્ષની ત્રીજને અખાત્રીજ કહેવાય છે. જેને અક્ષય તૃતિયા પણ કહેવાય છે. કારણ કે આ પવિત્ર દિવસે જે જે દાન–પુણ્ય કરીએ, જે જે જપ–તપ કરીએ તે તે અક્ષય બને છે. તેથી આ ત્રીજને અક્ષય તૃતિયા પણ કહેવાય છે. શાસ્ત્રએ આ તિથિને સ્વયંસિદ્ધ મૂહર્તોમાં ગણતરી કરી છે. આ દિવસે કોઈ પંચાગ કે ચોઘડિયા જોવામાં આવતા નથી. આખો દિવસ શુભ કાર્યો માટે ખૂબ યોગ્ય હોય છે. નવિન વસ્ત્ર, આભૂષણ, ઘર, દુકાન, ફલેટ, મકાન, જમીન ખરીદવા માટે ખૂબ જ સુંદર દિવસ કહેવાય છે. આ દિવસે ઉદઘાટન, ગૃહપ્રવેશ, વિવાહ, વેવીશાળ જેવા કાર્ય શ્રેષ્ઠ મનાય છે. પુરાણમાં લખ્યું છે આ દિવસે મધ્યાહન સમયે પિતૃ તર્પણ અને પીંડદાન કરવાથી તેમજ દાન–પુણ્ય કરવાથી પિતૃઓને મોક્ષ પ્રદાન થાય છે. આ દિવસે ગંગાસ્નાન કરવાથી તેમજ હરિ વિષ્ણુ અને લક્ષ્મીજીની એકસાથે પૂજા કરવાથી વિશેષ ફળ પ્રદાન થાય છે. આ દિવસે આપણામાં રહેલા તમામ દૂર્ગુણો પ્રભુને સોંપીને તેની પાસેથી સદગુણોની અનમોલ ભેટ અને વરદાન માંગવાની પરંપરા છે. કહેવાય છે કે કુબેરજી લક્ષ્મી જયારે લક્ષ્મી હીન થઈ ગયા હતા, ત્યારે શિવજીએ અખાત્રિજે હરિ વિષ્ણુ તથા લક્ષ્મીજીની ઉપાસના કરવા જણાવ્યું. કુબેરજીએ આ દિવસે વિશેષ ઉપાસના કરીને પુનઃધનસંપતિ પ્રાપ્ત કરી. તેથી આ દિવસે લક્ષ્મીજીને પ્રસન્ન કરનાર સુવર્ણ ખરીદવાનું મહત્વ છે. આ દિવસે લક્ષ્મીનારાયણની પૂજા સફેદ અથવા પીળા ગુલાબ અને કમળથી કરવામાં આવે છે. નારાયણ અવતાર, પરશુરામજીનો અવતાર આજ દિવસે થયો હતો. ઉતરાખંડમાં બદ્રીનારાયણ મંદિરના દરવાજા આજ દિવસથી ખુલ્લા મુકાય છે. વૃંદાવનમાં માત્ર આ એક જ દિવસ બાંકેબીહારીના વીગ્રહના ચરણ દર્શન થાય છે. આ દિવસે મહાભારત યુદ્ધનો અંત થયો હતો. દ્રાપરયુગનું સમાપન પણ આજ દિવસે થયું હતું.

**– મિતલ ખેતાણી**
**(૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# ખાંભાના ધાતવડ ગામ ખાતે નાગાજણ દાદાના દેવસ્થાને અમાસની ઉજવણી






અહેવાલ : ભાવિક કલસરીયા–ખાંભા

ખાંભા ગીર નજીક ધાતવડ ધામ ખાતે મકવાણા પરિવારના સુરાપુરા નાગાજણ દાદાના દેવસ્થાને દર વખતની જેમ આ વખતે પણ અમાસની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી તેમાં રાત્રીના સંતવાણી ડાયરાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું તેમાં નામી અનામી કલાકાર દ્વારા ભજન રમઝટ બોલાવી હતી અને સત્યનારાયણ ભગવાનની સાથે પણ સાથે રાખવામાં આવી હતી બપોરે દાતા અને ટ્રસ્ટી સાવરકુંડલા વાળા વનમાળી દાદા દ્વારા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું અને આ મહાપ્રસાદનું ૧૫૦૦થી૨૦૦૦ નાગાજણ દાદા છોરૂં એ મહાપ્રસાદનું લાભ લીધો હતો સાથે દાદાને ૫૬ ભોગનો પ્રસાદ ધરવામાં આવ્યો હતો અને ટ્રસ્ટ દ્વારા દાતાનું સાલ ઓઢાળી દાતાનું સન્માન કરવામાં આવ્યું હતું ત્યારે આ તકે ખાંભાના સરપંચના પ્રતિનિધિ બાબભાઈ ખુમાણ, વેપારી એસોસિયન પ્રમુખ મહેન્દ્રભાઈ હરિયાણી તેમજ પત્રકાર મિત્ર હિરેનદ્રસિંહ રાઠોડ ભાવિક કલસરિયા સહિત ઉપસ્થિત રહ્યા અને આ કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટી ગણના પ્રમુખ સુરેશભાઈ મકવાણા, ભીખુભાઈ મકવાણા, નરેશભાઈ મકવાણા અને સમગ્ર નાગજન દાદા છોરૂં અને મકવાણા પરિવાર દ્વારા ભારે જેહમત ઉઠાવી હતી કાર્યક્રમને સફળ બનાવ્યું હતું અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન એડવોકેટ રાજુભાઈ હરિયાણી દ્વારા કરવામાં આવ્યુંહતું.




## લાયબ્રેરી ચોક, નાગનાથ બસ સ્ટેન્ડ, જુના માર્કેટયાર્ડ રોડ ઉપર ગંભીર પરિસ્થિતિ

# અમરેલીમાં ટ્રાફિક સમસ્યા બની વિકરાળ

**મનફાવે તે સ્થળે રેંકડીઓ, કેબિનો, રિક્ષાઓ કે અન્ય વાહનો ઉભા રાખી દો કોઈ પુછવાવાળુ જ નથી**

**ગર્લ્સ હાઈસ્કૂલથી લઈને ગાંધીબાગ સુધીની ફૂટપાથ ઉપર કેબિનોની હારમાળા છતાં પાલિકા તંત્ર નિંદ્રાધીન**

**રવિવારે ભરાતી ગુજરી બજારથી નાગનાથ બસ સ્ટેન્ડથી સરદાર સર્કલ સુધી પસાર થવામાં ધોળે દિ'એ તારા દેખાઈ જાય**

**શહેરમાં ધોળે દિ'એ ટ્રકોની અવરજવર, ત્રિપલ સવારી બાઈક, બેફામ ગતિએ દોડતા ટુ-વ્હીલર પર રોક જરૂરી**



અમરેલી, તા. ૨૯

અમરેલી શહેરમાં દિનપ્રતિદિન ટ્રાફિક સમસ્યા વિકરાળ બની રહી છે. શહેરનાં લાયબ્રેરી ચોક, નાગનાથ બસ સ્ટેન્ડ, જુના માર્કેટયાર્ડ રોડ સહિતનાં વિસ્તારોમાં મનફાવે ત્યાં રેંકડીઓ રાખો, કેબિનો ઉભા કરો, રીક્ષાથી લઈને મોટા વાહનો પાર્ક કરો કોઈ પુછવાવાળુ જ નથી.

નાગનાથ બસ સ્ટેન્ડથી ગાંધીબાગ સુધીની ફૂટફાથ ઉપર દિનપ્રતિદિન રેંકડીઓ અને કેબિનો ખડકાઈ રહ્યા છે તો રવિવારે ભરાતી ગુજરી બજારથી શહેરીજનોને ત્યાંથી પસાર થવામાં ધોળે દિ'એ તારા દેખાઈ જાય છે તો પોસ્ટ ઓફિસ પાછળનાં માર્ગ ઉપર કેબિનોની હારમાળા જોવા મળી રહી છે.

શહેરનાં લાયબ્રેરી ચોકમાં માર્ગ ઉપર પાણીપુરી, શાકભાજીની રેંકડીઓ ઉભેલી જોવા મળે છે. તો બહેનોની બજાર ગણાતા હરિરોડ ઉપર વેપારીઓ ધ્વારા જાહેર માર્ગ ઉપર જાહેરાતનાં બોર્ડ અને કપડા ટીંગાડીને વાહન વ્યવહારને બાધા ઉભી કરવામાં આવી રહી હોય જવાબદાર વિભાગ શહેરની ટ્રાફિક સમસ્યાનો નિકાલ કરે તેવી માંગ ઉભી થઈ છે.

## વીજપોલ જમીનદોસ્ત થાય તે પહેલા કંઈક કરો



તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા

બગસરા તાલુકાના બાલાપુર–નાજાપુરા રોડ પર કુંકાવાવ પીજીવીસીએલ કંપની ની ઓફીસની જવાબદારીમાં આવતો એક પોલ બાલાપુર ગામથી નાજાપુર રોડ પર આવેલ છે જે સાવ એક બાજુ નમી ગયેલ છે. આ પોલ છેલ્લા ઘણા સમયથી આ હાલતમાં છે. પરંતુ પીજીવીસીએલ કંપનીના કર્મચારી ધ્વારા આ પોલની કામગીરી કરવામાં આવતી નથી. ત્યારે નાજાપુર ગામના એક જાગૃત નાગરિક કૌશિકભાઈ પાનસુરીયા ધ્વારા આ પોલની ફરિયાદ પીજીવીસીએલની ઓનલાઈન વેબસાઈડમાં કરવામાં આવેલ છે. ત્યારે હવે જોવાનું રહ્યું કે આ પોલ કયારે સીધો કરવામાં આવશે.













*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)